# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ॐ
મા
ॐ

**પરમ શક્તિ મંત્ર**

**ॐ મા ॐ**



**રાજયોગી નરેન્દ્રજી**

ॐ
મા
ॐ

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ॐ ।।

(વર્ષ ૧૮) ઓક્ટોબર - ૧૯૯૯ (અંક ૨)

Scanned by CamScanner

|| ૐ મા ૐ ||    || જય ગાયત્રી મા ||    || ૐ મા ૐ ||

વર્ષ : ૧૮
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર
૧૯૯૯

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦ ૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા દસ (૧૦/-)

ૐ

❀ પ્રકાશક ❀
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | માતાજીએ પ્રસાદ આરોગ્યો | ૧ |
| ૨. | સેવાદિન | ૨ |
| ૩. | ચાલને મોરને પીછું રમીએ | ૩ |
| ૪. | પ્રશ્નોત્તરી | ૪ |
| ૫. | ઉતરી અકળ ધરાથી | ૬ |
| ૬. | માનવસેના | ૭ |
| ૭. | અમારા હૃદય કમળમાં રહેજો. | ૯ |
| ૮. | ગુરુપૂર્ણિમા પ્રશ્નોત્તરી | ૧૦ |
| ૯. | સ્વર્ગનું નિર્માણ કરવાનું આપનાજ હાથમાં છે. | ૧૨ |
| ૧૦. | ગુરુપૂર્ણિમાની ઉજવણી - અહેવાલ - ૯૯ | ૧૪ |
| ૧૧. | પરિણયદિન સુવર્ણ જયંતિ અહેવાલ | ૧૯ |
| ૧૨. | મીઠાશને માણવાનોજ અભિગમ | ૨૪ |
| ૧૩. | સંભવામિ યુગે યુગે | ૨૬ |
| ૧૪. | રામ મનવાળા જ થઈશું | ૨૮ |
| ૧૫. | સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા | ૨૯ |
| ૧૬. | કુટિર છે સંસ્કાર સાગર | ૩૦ |
| ૧૭. | પૂજ્ય રાજયોગીનો વિદેશ કાર્યક્રમ | ૩૨ |
| ૧૮. | સમાચાર | ટાઈટલ-૩ |
| ૧૯. | નૂતન વર્ષનો સંદેશ | ટાઈટલ-૪ |


ૐ મા ૐ

દ્વિ વાર્ષિક અંક એપ્રિલ અને ઓક્ટોબર
આધ્યાત્મિક કેડી : ઓક્ટોબર ૧૯૯૯ - R.N. 38405/82

મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૫૪૬ ૮૧૨૦

Scanned by CamScanner

# "માતાજીએ પ્રસાદ આરોગ્યો"

તા. ૬-૯-૯૯ પૂ. રાજયોગીજી

મારા વાંસામાં વાત્સલ્યસભર હસ્ત પસવારતાં, પલંગમાં હું પડખે ફરીને સૂતો હતો. ત્યારે માતાજી ક્યારના બેઠાં હશે તેની મને ખબર ન પડી. એકાએક નીંદરમાં જ મારી બાજુમાં કોઈ બેઠું હોય તેવો ભાસ થવા લાગ્યો. નીંદરથી ઘેરાયેલી આંખ જરા ખોલીને જોયું તો માતાજી પ્રત્યક્ષ બિરાજમાન હતા. મંદ મંદ હાસ્ય વેરતાં મારા પર વહાલપ વરસાવી રહ્યાં હતાં.

હું બેઠો થયો, ઉઠીને માતાજીની બાજુમાં જ આવીને બેસી ગયો, ખોળામાં મસ્તક ટેકવી વંદન કર્યા. માતાજીએ મને ઘણુંજ વહાલ કર્યું. માતાજીને મેં કહ્યું, **" આપના માટે પ્રસાદ રાખ્યો છે, આપ આરોગો."**

માતાજી પલંગમાંથી ઉઠીને ટેબલ પાસે ગયાં. હું પણ તેમની સાથે જ જઈને ઉભો રહયો. માતાજીએ બટાકાપૌંઆની થાળી ખોલી, બાજુમાં વાડકીમાં રાખેલ તુલસીપત્ર લઈને થાળીમાં પધરાવ્યાં અને ચમચીથી થોડા પૌંઆ આરોગ્યા. થર્મોસમાંથી થોડી કોફી મગમાં કાઢીને કોફી પીધી. ગ્લાસમાંથી થોડું પાણી પીધું. સૂકામેવા અને એલચી પધરાવેલ ટ્રેનો રૂમાલ જે ઢાંક્યો હતો તે ઉઠાવી, દરેક ખાનામાં તુલસી પધરાવી. અને દરેક ખાનામાંથી બદામ, કાજુ, પીસ્તા, દ્રાક્ષ આરોગ્યાં. બદામના ખાંડ ઈલાયચી મિશ્રિત ભૂકામાંથી ચમચીથી થોડોક આરોગ્યો. ઢાંકેલા ચણાની નાની થાળી ખોલી, થોડા ચણા આરોગ્યા. પછી પાછા પલંગમાં આવીને અમે બેઠાં. માતાજીએ કાર્યયજ્ઞ વિષે કંઈ કેટલીયે વાતો કરી, મને વહાલ કર્યું. પછી મને કહે, "હવે તું સૂઈ જા." આદેશને અનુસરતો હું તેમના તરફ મુખ રાખીને પડખે જ સૂતો.

માતાજીનો મૃદુ, કોમળ હસ્ત મારા પર ફરી રહયો. વાત્સલ્યને માણતો હું ક્યારે ફરીથી નિંદ્રામાં સરકી પડ્યો તે સમજાયું નહિં.

માતાજીના મુખારવિંદના અને સમસ્ત અસ્તિત્વના પ્રકાશથી રૂમ ઝળાંહળાં થઈ રહયો હતો. લાઈટ, પંખો એરકન્ડીશન બધું જ બંધ હતું છતાંય રૂમમાં ઠંડક હતી. દિવ્યતેજમાં મેં ઘડિયાળમાં, માતાજી પાસે સફાળો જાગીને બેઠો થયો ત્યારે જોયું તો રાત્રિના બે અને પાંચ મિનિટ થઈ હતી. માતાજીએ મને સૂવાનો આદેશ કર્યો ત્યારે બે અને પાંત્રીસ મિનિટ થઈ હતી.

**માતાજી મને પોઢાડીને ક્યારે અંતર્ધાન થઈ ગયાં તેની મને ખબર ન પડી પરંતુ અર્ધોકલાક ની જાગૃત અવસ્થામાં અમારૂં મા બાળનું મિલન દિવ્ય અને અર્થસભર રહયું. મને ઘણું માર્ગદર્શન મળ્યું.**

સવારે પોણા પાંચ વાગે જાગી ગયો. માતાજીની દિવ્ય ઉપસ્થિતિને, પ્રત્યક્ષતાને, દિવ્ય વાતોને યાદ કરતો થોડીવાર હું પલંગમાં જ બેસી રહયો. પલંગમાંથી ઉઠીને લાઈટ કરી. ટેબલ પર રાખેલ ટ્રે માં માતાજીએ બદામના પ્રસાદની ઢગલી કરી હતી. હું ભાવવિભોર થઈ ગયો.

ઘરના સભ્યોને જગાડી, મીઠી વાત્સલ્યસભર વાતોને દોહરાવી, દિવ્ય અનુભૂતિઓના દર્શન કરાવી આનંદના સહભાગી બનાવ્યાં.

માતાજીએ આસમાની રંગની, ભરેલી સાડી, ભારતીય ઢબે, પરિધાન કરી હતી. આછા આભૂષણો હતા. વાળની સેર હતી. હસ્તમાં કંગન હતા. માતાજી બિરાજમાન હતાં ત્યાં પલંગમાં મોગરાની સુવાસ



Scanned by CamScanner

વર્તાતી હતી. થર્મોસના ઢાંકણ પર મોગરાની સુવાસ વર્તાય છે.

શ્રધ્ધાનું સમગ્ર વાતાવરણ દિવ્ય સુવાસથી મધમધી રહયું છે.

આ વખતે માતાજીને ગરમ વાનગી જ જમાડવાનો ભાવ બ્હેનજીએ પ્રદર્શિત કર્યો અને મેં બટાકાપૌંઆ અને કોફી બનાવીને પ્રસાદમાં ધરાવવા જણાવ્યું. કુસુમબા ઉત્સાહથી નવું થર્મોસ લઈ આવ્યાં અને કોફી તેમાં જાતે જ ભરી. બ્હેનજીએ બટાકાપૌંઆ અને કોફી બનાવી પ્રસાદ ધરાવ્યો. નાનો હાથરૂમાલ કુસુમબાએ યાદ કરીને ટેબલ પર રાખ્યો. રૂમની સજાવટ તો બપોરથી જ થઈ ગઈ હતી. કુસુમબા, બ્હેનજી, ઉષાબેન અને મંગળની સામૂહિક ભાવ સભર સેવાથી રૂમ સજાવાયો હતો.

## સેવા દિન

નિલોષા પર સેવાદિનના બે દાયકા વીતી ગયા. આજે નિલોષા તીર્થ સેવાદિનના એકવીસમા વર્ષમાં પ્રવેશી રહયું છે. ઉષાબેન નલિનકાંતભાઈએ પૂજ્યશ્રીનું અભિવાદન કર્યું. પૂજ્યશ્રીના આદેશને જ અનુસરતા નિલોષાના આ દંપતિએ ખીચડી, કઢી, શાક, બુંદીના લાડુ તથા સૂકોમેવો, કેસરવાળું દુધ વિગેરે પ્રસાદમાં ધરાવ્યાં હતાં.

પૂજ્યશ્રીની પ્રાર્થનાથી માતાજીએ સ્વયં પ્રસાદ આરોગ્યો,જળ લીધું અને ૨૧ વર્ષના વધામણાં સૂચવતી ૨૧ ઈલાયચી પધરાવી હતી.

પૂજ્યશ્રીએ નિલોષાનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે, નિલોષા યૌવનના આંગણે તીર્થ સમું બની ગયું છે. સંસારના માણસો દુ:ખના કંટકોથી ઘેરાઈ જાય ત્યારે નિલોષા તીર્થ પર આવી જીવનમાં ગુલાબમાં આકાર મેળવીને જાય છે.

## સેવા દિન -નિલોષા-

વિતાવ્યા બે દાયકાઓ નિલોષાએ આજ આવો ઉભું એકવીસમા વર્ષે
જ્યારે ઘેરી વળે દુ:ખના કંટકો સંસારમાં ત્યારે નિલોષા અર્પે ગુલાબનો આકાર જીવનમાં
એવું આજ નિલોષા, યૌવનતણા આંગણે
તીર્થ સમું ભાસતું, કાર્યકર્તાઓ આનંદથી સેવા કરે
નલિન ઉષા બેલડી, આનંદથી છલકાય
મમ આશીષ સર્વને, સદા રહો નિજાનંદમાં .

શ્રી સતીષભાઈ ભટ્ટ

**"કહયું આંસુઓને મેં વહી જવાનું**
**બાકી, શું શબ્દોથી સરી જવાનું !**
**સ્તુતિ વૈખરી, પ્રાર્થના સૌ અધુરી !**
**બતાવો મને બસ મરી જીવવાનું."**

પૂ. રાજયોગીજી

**વિતેલી ક્ષણો જીવનની મૃત્યુને ભેટી ગઈ,**
**વીતી રહી છે ક્ષણો, જીવન ધપતુ જાય છે.**



Scanned by CamScanner

અતીતના ઓટલેથી મંથન કરો,
વિતેલી ક્ષણોનું વલોણું કરો, માખણ મળશે,
તો ક્ષણો જીવંત બની જાશે.
જીવો જીવન એવું
ક્ષણો બને સમર્પિત સર્વેશ્વરને.
ક્ષણભંગુર પંચમહાભૂત કાળમાં વિલિન થાશે,
(પરંતુ) ક્ષણો અમર બની જાશે,
જીવન ધન્ય બની જાશે.

## ચાલને મોરને પીંછુ રમીએ...

તા.૭-૯-૯૯

ચાલને મોરને પીંછુ રમીએ...
આપણ બંને એકબીજાને જો ને કેવાં ગમીએ... ચાલને...
ચંદ્ર થજે તું પૂનમનો અમે તારાં થઈ ટમટમીએ,
તુજ ઉદયથી ઉગી જઈએ તારામાં આથમીએ... ચાલને...
માતચરણનું પાયલ તું - અમે ઘૂઘરી થૈ ધમધમીએ,
શબ્દબ્રહ્મ રણકારે રમીએ 'શ્રધ્ધા' એ જઈ શમીએ... ચાલને...
'સંભવામિ'નો સાદ સાંભળવા સમરાંગણમાં ભમીએ,
હૃદય-ધુરા સંભાળી લો તું (તો) ઘાવ ઘણાંયે ખમીએ... ચાલને...
જગમાં મસ્તક ઉન્નત કરવા તુજ ચરણોમાં નમીએ,
નાથ ! ભવોભવ સાથ રહો તો કૃષ્ણ-સુદામો રમીએ... ચાલને...
તું જ અમારી માતપ્રસાદી જનમોજનમ 'તું'ને જમીએ,
'મુંજ' છતાં યે ભવભવ ભૂખ્યાં તુજ કાજે થઈ ભમીએ... ચાલને...

(દુહા)

પૌંઆ પર તુજ પ્રીતડી જુગ-જુગ જુની કાન !
(ઈ) પૌંઆ ખાવા આજ, (તું) મોહન થૈ ગ્યો માવ ડી !
શ્રધ્ધા હો કે દ્વારિકા, (તું) મોહન થા કે માત,
(પણ) તાંદુલ તારે હાથ, (નિત) દેશે સુદામો શામળા !

' મૂંજાલ દવે '



Scanned by CamScanner

# પ્રશ્નોત્તરી

તા.૭-૯-૯૯

પ્રશ્નકર્તા :- **સતીશભાઈ ભટ્ટ** ઉત્તરદાતા :- **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

**પ્રશ્ન ૧. :-** છે એક બાજુ પ્રેમ ને, છે ઉલટી બાજુ દ્વેષ,
પાતળી દિવાલ આજુ- બાજુમાં છે વેશ !
ફેર શું છે આમ તો ગોકુળ મથુરામાં ?
તો ય ગોકુળ વૃત્તિમાં શાને નયન અનિમેષ ?

**વિવરણ :-** એકબાજુ પ્રેમ છે તો તેની પાછળની બાજુએ દ્વેષ છે. સિક્કાની બે બાજુ જેવી વાત છે. જીંદગીમાં પણ સુખ છે તો દુ:ખ પણ છે. જય છે તો પરાજય પણ છે. બીજો કોઈ હારશે તો જ એક જણ જીત્યો કહેવાશે. જીવનમાં આ દ્વંદ્વ,-હારજીતનો, સુખદુ:ખ વચ્ચેની ભેદરેખા બહુ બારીક છે. દિવાલ બહુ પાતળી છે. બે વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો કઠિન છે. ચિંતનના એરણ ઉપર આ વાત ચઢાવીએ તો કહી શકાય કે, સુખ સાચા અર્થમાં શાશ્વત સુખ નથી. બંનેને જુદા તારવવાની લીટી બહુ પાતળી છે. તો, ગોકુળ અને મથુરામાં શું ફેર છે ? બંને જગ્યાઓ છે, નગરો છે. કેવળ એક ઓળખાણ છે કે,અહીં રાધા હતી, કૃષ્ણ હતા. ત્યાં કંસ હતો. કૃષ્ણને તેમની સાથે મામાનું સગપણ હતું. બહુ પીડાકારી રાજા હતો, વિગેરે. આમ વાત હોવા છતાંય આપનું મન ગોકુળવૃત્તિથી કેમ હર્યું ભર્યું રહે છે ? કેમ તેના તરફ સંપૂર્ણ આકર્ષાયેલું રહયું છે ? તમારા હૈયે ગોકુળવૃત્તિ જ કેમ વસી છે ? તમે ગોકુળવૃત્તિમાં જ કેમ ગળાડૂબ છો?

**જવાબ ૧ :-** દ્વંદ્વોથી ભરેલી આ દુનિયા,
વાસ કરે સંતને શયતાન એક સાથે.
આકૃતિ ઉભયની માનવ સરીખી,
પ્રકૃતિ ઉભયની ગુણધર્મ સરીખી.
સંતો વસે ને વસાવે પ્રેમઘેલી ગોકુળ નગરી,
શયતાનને સંગ ગમે કંસવૃત્તિ સમ મથુરા નગરી.
હું છું પ્રેમનો પ્યાસી ને સત્યપંથનો પ્રવાસી,
આદત પડી છે પ્રેમરસ પીવાની ને પીવરાવવાની.

**વિવરણ :-** આ જગત દ્વંદ્વોથી ભરેલું છે. સુખ દુ:ખ, જ્ઞાન, અજ્ઞાન, સંત, શયતાન વિગેરે અનેક સારૂ અને નરસું, સવળી અને અવળી વૃત્તિથી જગત ભરેલું છે. આવા જગતમાં પણ સંતો અને શયતાનો એક સાથે રહે છે. બંનેનો બાહ્ય માનવીય દેખાવ કદાચ સરખો લાગે પરંતુ પ્રકૃતિ, ભીતર, સ્વભાવ બંનેનો પોતાના કર્માનુસાર, વાતાવરણ અનુસાર અલગ અલગ હોય. સંતો પ્રેમ કરૂણામૂર્તિ હોય તો શયતાન દ્વેષ અને દયાહીન, ક્રૂર હોય. સંતો હંમેશા ગોકુળ નગરી સમ પોતાની આસપાસ પ્રેમમય દુનિયા જ વસાવે અને પ્રેમઘેલી દુનિયામાં જ તેમને વાસ કરવો ગમે. ગોકુળમાં નંદયશોદા, રાધા, ગોપ, ગોપીઓ અને સમસ્ત



Scanned by CamScanner

સૃષ્ટિ પ્રેમમય હતી. તેથી તો પ્રેમમૂર્તિ કૃષ્ણને ગોકુળ યાદ આવતાં આંખો અશ્રુભીની થઈ જતી.

શયતાનોને પોતાના સ્વભાવની દુનિયામાં રહેવું ગમે. કંસે મથુરાને અસુરભૂમિ બનાવી દીધી હતી. તેથી તો સમય આવ્યે, કૃષ્ણે કંસ, મામા હોવા છતાં સંતોને બચાવવા માટે તેનો વધ કર્યો હતો.

હું તો પ્રેમાળ હૃદય લઈને સત્યના પંથનો પ્રવાસી બની રહયો છું. મને તો જગતના માનવીઓને નિર્ભેળ નિર્દોષ પ્રેમ કરવાની અને પ્રેમ રસ પીવરાવવાનું બહુ ગમે છે, મારી આદત બની ગઈ છે. જગતના દ્વંદ્વોને મિટાવી પ્રેમ જગત વસાવવાની મને ઈચ્છા છે.

**પ્રશ્ન-૨** :- તમે શોધવા નીકળ્યા છો હૃદયને
મળેતો પૂછો કોઈ કળતા હૃદયને.
અમારી અહીં વેદ(ના) છે બ્રહ્મવિદ્યા,
તમારી સકળ શાને છે પ્રેમ-વિદ્યા?

**વિવરણ** :- તમે આ જગતમાં હૃદય શોધવા નીકળ્યા છો. કોઈ કળતા હૃદયવાળો મળી જાય તો તેની પાસેથી મળી જશે. અમે સંસારીઓ, દુનિયાવાળાઓ વેદવાણીને પંડિત, પુરોહિતોએ શીખવ્યા અનુસાર પ્રમાણભૂત બ્રહ્મવિદ્યા તરીકે સ્વીકારીએ છીએ. તમારી શીખ, તમારું શાસ્ત્ર, તમારી વાણી, - વર્તન-વિચારો સઘળાંતો પ્રેમવિદ્યા છે. આ ફરક, આ શાસ્ત્ર ફરક, આ ભક્તિ ફરક, શું છે? તમે આધ્યાત્મની વ્યાખ્યા "પ્રેમ" કહો છો? તમે ભક્તિને પ્રેમગીત કહો છો? તમારા મા- બાળના સંબંધોનો ફાંટો જુદો કેમ પડે છે? તમે તો સૌ શાસ્ત્રનો સાર, ભક્તિનો સાર, જ્ઞાનનો સાર " પ્રેમ સગાઈ" માં જ સમજો છો. તમારું સઘળું અધ્યાત્મ પ્રેમમાંજ આટોપાઈ ગયું છે. સત્ય શું છે તે પર પ્રકાશ પાડવા વિનંતી.

**જવાબ-૨ :- પ્રેમમાં જ સમાયું પરમનું અસ્તિત્વ,**
**પરમની મરજી એ જ પરમ સૌભાગ્ય મારૂં.**
**પ્રેમ નીતરતું હૃદય રાખજો,**
**આસક્તિ ને અળગી કરજો,**
**પરમને સમર્પિત થાજો.**
**(તો) જ્ઞાન ભક્તિનો વ્યાપ વધશે,**
**પરમાત્મા પ્રત્યક્ષ થાશે,**
**નિજ અસ્તિત્વ ઓગળી જાશે.**

**વિવરણ** :- પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે. નિર્દોષ, પ્રેમસભર હૈયાં હોય ત્યાં પરમાત્માની ઉપસ્થિતિ વરતાયા કરે છે. મારા જીવનનું સુકાન પરમેશ્વરીના હસ્તમાં છે, તેમની મરજી-ઈચ્છા, આદેશને અનુસરીને જ અનાસક્ત ભાવે કાર્ય કરતો રહું છું અને તેથી તો એષણાઓ ઉદ્‌ભવતી નથી, પરમનું સતત સાનિધ્ય માણી શકુ છું.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં, કોઈપણ કાર્યોમાં પ્રેમને પ્રાધાન્ય આપીએ, ઈશ્વરની મરજીને જ સર્વોપરી ગણીએ તો આપણે સ્વયમ્ હળવા-ખાલી બની જઈશું.આવો ભાવ કેળવવાથી જીવનની સાચી દિશા સૂઝશે, જ્ઞાન અને ભક્તિનો ભાવ વધશે, ઈશ્વરને સમર્પિત થઈ જવાશે. પરમાત્માની પ્રત્યક્ષતા



Scanned by CamScanner

અનુભવાશે. અદ્વૈત ભાવ પ્રગટશે. 'હું' 'તું' માં સમાઈ જશે.

મિલનની ક્ષણો મારી છે અધુરી,
મમ પ્યાસ ક્યારે બુઝાવે અગોચરી !
અખંડ શ્રધ્ધાનો રાગ છેડ્યા કરીશ,
(કારણકે) મારી શ્રધ્ધામાં મને શ્રધ્ધા છે.
કે, એક દિન, મારી શ્રધ્ધાની બંસરી,
મિલનનો રાગ છેડશે. તેની પાવન ગંગામાં
મહાલતો રહીશ, મહાલતો રહીશ, મહાલતો રહીશ.

## ઉતરી અકળ ધરાથી...

### (ગઝલ)

તા. ૭-૯-૯૯

ઉતરી અકળ ધરાથી કેવી લીલા કરો છે,
જુદા જુદા સ્વરૂપે જગમાં જીવન ભરો છો...
છો બાળ બાપુ કેરા કહે રાજા રાજમાતા,
ગણી ગોધરાને ગોકુળ ગોવિન્દ અવતરો છો..
મધમધતી મૌન કેડી દામ્પત્યની કુસુમથી,
જગબાગનાં ફુલોનું કેવું જતન કરો છો...
પ્રજ્ઞા-મિતાને કાજે પિતૃત્વ-પણ-વિદેહી,
હળ હેતનું ય કેવું હૈયે સદા ધરો છો...
યોગેશ-ભાવના પર વરસ્યું છે વ્હાલ કેવું !
માધુર્ય માતનું લૈ હે મેઘ ! ઝરમરો છો...
કૈલાસની અચળતા સેવા અને શીતળતા,
સંગ લૈ ને શૂલપાણિ ! જગ માંહી વિચરો છે...
અંતે અનન્ત એક જ ઓળખ યુગે-યુગે આ-
-'મા' ના હૃદયથી નિસરી પાછા ય ત્યાં ફરો છો...
લ્યો 'મુંજ' મૌન થાતો છેલ્લો આ શેર કહીને,
પામી જઉં પરન્તુ કાગળમાં ક્યાં ઠરો છો ?

' મૂંજાલ દવે '

# માનવસેના

પી. જી. મહેતા હોલ, પાલડીનું પ્રાંગણ માનવતા દિનની ઉજવણી અને પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના જન્મદિનની મુબારકબાદી આપવા માનવ મહેરામણથી ઉભરાઇ ગયું હતું. સવારે ૯ થી ૧ વાગ્યા સુધી માનવતા વ્રતના પ્રણેતા પૂજ્યશ્રીને વંદન કરી, આશીર્વાદ લઇ કૃતાર્થ થવા માટે ભાવિકોનો પ્રવાહ અવિરત વહી રહ્યો હતો.

બપોરે ૨-૩૦ થી ૫ વાગ્યા સુધી સત્સંગ અને પૂજ્યશ્રીની અમૃતવાણીનો પ્રોગ્રામ હતો. શ્રી સતીષભાઇ ભટ્ટ રાજકવિના પૂજ્યશ્રીના આધ્યાત્મિક ઊંડાણમાંથી અમૃત મેળવવાના આશયથી પૂછાયેલા પ્રશ્નો અને પૂજ્યશ્રીએ આધ્યાત્મિક ગહેરાઇમાંથી અમૃત સરીખા જીવન ધન્ય કરી દેતા જવાબો આપ્યા હતા.

ભાઇશ્રી મુંજાલે સ્વરચિત (ભજનો) કાવ્યો ગાઇ ગવરાવીને સમગ્ર માહોલને ભાવવિભોર કરી દીધું હતું. સમગ્ર ગાયક અને વાદક વૃંદ ભક્તોના તન મનને ડોલાવી દેતું હતું.

આજના પ્રસંગે પૂજ્યશ્રીએ પોતાની અમૃતવાણીનો પ્રવાહ ગંભીર અને ઘેરો વહાવ્યો હતો. "આપણે શું શબરી કે કેવટ ન બની શકીએ?" "પ્રત્યેક ક્ષણે પરમાત્માના દર્શનની તૈયારી રાખો" "માનવતાથી ઓપતા સંનિષ્ઠ માનવોની માનવસેના રચવી છે" આવી તો અનેક રત્નકણિકાઓ આપને પૂજ્યશ્રીની અમૃતવાણીમાં મળશે.

## માનવસેના
## માનવતા દિન

તા. ૭-૯-૯૯ પૂ. રાજયોગી નરેન્દ્રજી

વહાલા આત્મિય જનો,

આજે ૨૫ મો માનવતા દિન છે. માતાજીએ સોંપેલા મારા સેવાયજ્ઞમાં પદાર્પણ કર્યે આજે ૨૪ વર્ષ પૂરાં થાય છે. મા ભગવતીના લાલ-બાળ મયુરરાજનો આજે જન્મ દિવસ છે. પ્રતિ વર્ષ મા ભગવતી મને પ્રેરણાના પિયુષ પીવરાવવા પધારે છે. વહાલપની વર્ષા કરી, મારા તન, મન અને અંતરને પુષ્ટ કરે છે. અમારા મધુર મિલન, દિવ્ય મિલનનું કેન્દ્ર બિન્દુ માનવસેવા યજ્ઞ જ હોય છે.

મારા કાયિક અને આત્મિક જીવનનું સંરક્ષણ અને સંવર્ધન માતાજી કરતાં રહે છે, અને તેથી જ તો હું હંમેશા વસંતની તાજગી અનુભવી રહ્યો છું. મારી જીવનનૈયાના ખેવૈયા પરમશક્તિ મા ભગવતી છે, તેથી જ તો સંસારની સમસ્યાઓ મને વિચલિત કરી શકતી નથી.

"કાર્ય કરે જા, મારા તને આશીર્વાદ છે" માતાજીના પ્રથમ સાક્ષાત્કાર વેળાના આ શબ્દો મારા કાળજામાં કોતરાઇ ગયા છે. મારા રોમેરોમમાં તે આંદોલિત થતા રહે છે. આ દિવ્ય આદેશનું હું અવિરત પાલન કરતો રહું છુ.

સેવાયજ્ઞ દરમિયાન મારી મુલાકાતે આવતી, મારૂં આધ્યાત્મિક અને જીવન ઉપયોગી માર્ગદર્શન મેળવતી પ્રત્યેક વ્યક્તિમાં માનવતાના બીજ રોપાય, માનવતા પ્રગટે, માનવતા પ્રસરે અને માનવતાનો વ્યાપ વિશ્વમાં વ્યાપે તેવી મારી ઇચ્છા છે, માતાજીને વિનમ્રભાવે પ્રાર્થના છે. સેવાયજ્ઞની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. જગતના જટિલ માનવો અને તેમના જટિલ પ્રશ્નો પણ માયાની માયાજાળની જેમ વધતા જાય છે



Scanned by CamScanner

મુલાકાતીઓ, મુમુક્ષુઓ, આસાનીથી, સહજતાથી, ત્વરાથી તેમના પ્રશ્નો ઉકલી જાય, ત્વરિત ફળપ્રાપ્તિ થઇ જાય તેવો આગ્રહ, દુરાગ્રહ રાખતા હોય છે.

જીવન સાગરમાં પ્રશ્નો તો સાગરના મોજાંઓની જેમ ઉદ્ભવ્યા જ કરવાના. વળી વ્યક્તિની વ્યક્તિગત આશા, એષણાઓ પણ વધતી જવાની. તન, મન, ધન, સમાજ, સંસાર પરિવારની પ્રશ્નો તો ઉદ્ભવ્યા જ કરવાના, આવા ક્ષણિક પ્રશ્નો સાથે જીવતાં, તેને સુલઝાવતાં, તેને સહન કરતા અને વિવેક બુધ્ધિથી તેમાંથી માર્ગ કાઢતાં શીખવું જોઇએ. પલાયનવાદથી પ્રશ્નો હલ થઇ જાય નહિં. પરમાત્માનું નામ સ્મરણ મંત્રજાપ, સત્સંગથી રાહત અનુભવાશે.

માનવસેવાના કાર્યયજ્ઞના ૨૪ વર્ષ દરમિયાન આધ્યાત્મિક ઉત્થાન માટે બહુજ જૂજ વ્યક્તિઓએ માર્ગદર્શન મેળવવા પ્રયત્ન કર્યો હશે. પરમાત્માના દર્શન કરવાની, પ્રાપ્ત કરવાની ઇચ્છા તો દરેકને હોય જ પરંતુ પોતાની જાતમાં વિશ્વાસ નહિં હોવાથી, આ બાબતમાં આગળ વિચારવાનું કે, આગળ વધવાનું તેના માટે નામુમકીન લાગે છે.

**વહાલા આત્મિયજનો, જો તમે દૃઢ સંકલ્પ કરો, તમારી આત્મિક શક્તિઓ સતેજ કરો, પ્રબળ પુરૂષાર્થ કરો, આત્મબળ કેળવો તો મનુષ્ય માટે કશું જ અશક્ય નથી. અસંભવ નથી.** પરમાત્માની કૃપા મેળવવા માટે પણ તમારે પુરૂષાર્થ તો કરવો જ પડશે ને ! કેટલાય નામી, અનામી સંતોને એક યા બીજા સ્વરૂપે પરમાત્માના દર્શન થયાં છે. પરમાત્માની હાજરીનો અનુભવ થયો છે. પરમાત્માએ તેમના સાંસારિક કાર્યો સુલઝાવ્યાં છે, ગેબી મદદ કરી છે. સુરદાસ, નરસિંહ મહેતા, મીરાંબાઇ આ જમાનાના જ મહામાનવો, સાચા ભક્તો હતાં ને !

માતાજી શ્રધ્ધા કુટીરમાં પધારી મને દર્શન આપે, માર્ગદર્શન આપે, મારા સેવાકાર્યમાં મદદ કરે, શ્રધ્ધામાં જ નિવાસ કરે છે. આપ સર્વે પણ મારા જ છોને ! મારા-મયુરરાજના પીછાં તો છો જ ને !

તમને પણ માતાજીની, પરમતત્વની પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભૂતિ, સુવાસ, આનંદ, સહાય, સ્વપ્નમાં કે ધ્યાનાવસ્થામાં, પૂજા દરમિયાન પ્રકાશપૂંજ કે પ્રત્યક્ષ સાકાર સ્વરૂપના દર્શન તો થાય જ છે.

**આપને કદાચ તેનો ખ્યાલ આવે કે, ના આવે પરંતુ તમે પરમાત્માનું અને તેના લાડલા સંતોનું સતત સ્મરણ, સત્સંગ કરતા હશો, નિર્મળ જીવન જીવતા હશો અને સત્યના માર્ગે ચાલતા હશો તો પરમાત્માની, માતાજીની મમતા, શીળી છાંય તમારા પર અવિરત વરસતી જ રહે. તમે સાત્વિક પ્રેમ કરો. અંતરથી યાદ કરો તો તેનો પ્રતિઘોષ પડવાનો જ છે.**

પરમાત્માના પ્રત્યક્ષ દર્શન, સાક્ષાત્કાર પણ તમારા માટે શક્ય તો છે જ. તમારા ઈષ્ટદેવના સ્વરૂપમાં તમને દર્શન આપવાની,સાક્ષાત્કાર કરાવવાની માતાજીની તૈયારી તો છે જ; પરંતુ તેમના ઝળઝળતા સો, સો, સૂર્યના તેજ સમાન પ્રકાશપૂંજને ઝીલવાની, દ્રષ્ટિમાં સમાવવાની, દર્શન કરવાની આપણે માનસિક અને શારિરીક તૈયારી તો કરવી જ પડશે ને ! કઈ ક્ષણે અને કયા દિવસે ભગવાન દર્શન આપશે તેની આપણને ચોક્કસ ખબર નથી, એટલે પ્રત્યેક ક્ષણે આપણે પરમાત્માના દર્શનની માનસિક તૈયારી રાખવી પડશે. પ્રત્યેક દિવસે આપણે આપણું ઘર અને ઘરનું વાતાવરણ સાત્વિક, આનંદિત રાખવું પડશે. આપણી શ્રધ્ધાનો દીપક પ્રત્યેક ક્ષણે, પ્રજ્જવલિત રાખવો પડશે. શબરીએ રામની પ્રતીક્ષામાં જીવન વિતાવ્યું અને જીવનની ઢળતી સંધ્યાએ રામ, શબરીની કુટીર શોધતા પ્રત્યક્ષ પધાર્યા. તેનો ભાવપ્રચુર પ્રસાદ આરોગી, માતૃવાત્સલ્ય માણી તેનું જીવન ધન્ય બનાવ્યું. અને મોક્ષની અધિકારી બનાવી દીધી.

**આપણે શબરી ન બની શકીએ ? આપણે કેવટ ન બની શકીએ ? જરૂર બની શકાય. જો અહંતા, અને આસક્તિ છૂટી જાય. જીવનમાં સંતોષ, સમદ્રષ્ટિ, સમભાવ કેળવાય તો જીવન જનકવિદેહી જેવું બની જાય. સંસારમાં રહેવા છતાં, સંસારના ભોગો ભોગવવા છતાં મનનું જોડાણ**



Scanned by CamScanner

**પરમાત્મામાં આસક્ત રહે, જોડાયેલું રહે તો માયાની માયજાળમાં ફસાવાય નહિં, સંસારના સાગરના વમળમાં અટવાઈ જવાય નહિં.**

પરમાત્મા આવી જનકવિદેહી જેવી વ્યક્તિઓની તો શોધમાં છે. આવી નિસ્પૃહી સાત્વિક વ્યક્તિઓ દ્વારા જ પરમાત્મા માનવસેવાનું કાર્ય કરાવી શકે, માનવતાને મહેંકાવી શકે.

**નવી સૃષ્ટિના નિર્માણવેળાની મારી કલ્પનાની સૃષ્ટિ રચાય તે માટે મારે માનવતાથી ઓપતા-શોભતા સંનિષ્ઠ માનવોની સેના રચવી છે. મારી માનવ સેનાની પ્રત્યેક વ્યક્તિ સાત્વિક, સંતોષી, સદાચારી, વિવેકી, નિરાભિમાની, ભક્તિ પરાયણ અન અનન્ય શ્રધ્ધા અને શરણાગતિ ભાવથી સભર હોવી જોઈએ.**

મારા ચાહકો, શિષ્યો તો અનેક છે. ગુરૂમંત્રદીક્ષા પણ અનેકોએ લીધી છે. મન, વચન, કર્મની પવિત્રતા જાળવવાનો આદેશ પણ મેં અનેકોને આપ્યો છે, પરંતુ મને તેની પ્રતીતિ ક્યારે થાય ?

આ યુગમાં માનવતાસભર સમાજ પ્રસરાવવાની મારી ઈચ્છા છે, મારો પ્રયાસ છે. આપ સર્વે, મારા આ ભગીરથ કાર્યમાં સાથ સહકાર આપવા સજ્જ બનશો તો મારો પ્રયત્ન વેગીલો બનશે. ત્રેતાયુગમાં રામજીની મદદે વાનરસેના આવી હતી. કળિયુગમાં માનવતાના સંસ્થાપન અર્થે રાજયોગીજીની મદદે માનવ (મા+નવ) સેનાની જરૂર છે.

ઉઠો, જાગો, માનવતાનો સાદ પડયો છે. **ૐ મા ૐ મંત્રજાપ અને નવસિધ્ધાંતોને અપનાવો. આપનું માનવતાનું વર્તુળ આપ જ વિકસાવો. આપ જ આપના માનવતાના વર્તુળનું કેન્દ્રબિન્દુ બનો. મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

**ૐ મા ૐ**

## અમારા હ્રદયકમળમાં રહેજો

અમારા હ્દયકમળમાં રે'જો..
નાથ ! ધરો અવતાર ધરા પર, અમને ટહૂકો દેજો ... અમારા હ્દય..
હેત-હવેલી હૈયે બનાવું ઠાકર થૈ ને રે'જો,
ગંગા-યમુના ચરણયુગલથી નાથ ! ભવોભવ વહેજો ... અમારા હ્દય..
જીવનવનમાં હે વનમાળી ! વેણુનાદ ભરી દેજો,
સંવેદનની સૂર-સિતારે સ્પર્શ તમારો દેજો ... અમારા હ્દય..
મરમ તમારા અવતારોનો અમને સાનમાં કે'જો,
ભવના ભરમમાં મરમ ન સમજું, (તો) સ્વામી! કાનમાં કે'જો `... અમારા હ્દય..
માત-મયુર હે! 'મુંજ' હ્દયમાં થનગન કરતાં રે'જો,
જગ છોડું ત્યારે ઝાલી હાથ તવ ધામ બતાવી દેજો `... અમારા હ્દય..

( મુંજાલ દવે )



Scanned by CamScanner

# પ્રશ્નોત્તરી

પ્રશ્નકર્તા - સતીષભાઇ ભટ્ટ
પ્રસંગ - ગુરૂપૂર્ણિમા

ઉત્તરદાતા - પૂ. રાજયોગી નરેન્દ્રજી
તારીખ ૨૮-૭-૯૯

સ્થળ : પી. જી. મહેતા હોલ, અમદાવાદ.

**સતીશ - પ્રશ્ન-૧. તમે યુધ્ધને બુધ્ધમાં ફેરવો છો,**
**વળી કૃધ્ધને શુધ્ધમાં સેરવો છો.**
**સંસાર સંન્યાસે સરસા રહીને-**
**તમે બે સવારી શી સાથે કરો છો ?**

**વિવરણ :-**

પૂર્ણ સન્યાસી હોવા છતાં સંસારી-સંસારમાં હોવા છતાં પોતાનામાં સંસાર લેશમાત્ર પણ નહિ એવા આપણા ગુરૂદેવ યુધ્ધને બુધ્ધમાં પરિવર્તિત કરવા સક્ષમ છે. યુધ્ધ એટલે ભયાનકતા, વિનાશ, સંહાર અને સદ્‌બુધ્ધિની ગેરહાજરી. બુધ્ધ એટલે જ્ઞાન, પ્રેમ, સારાસાર, વિવેકબુધ્ધિની હાજરી અને માનવતા. આ પરિવર્તન પ્રક્રિયામાં સંસાર-સંન્યાસના બે પલ્લાં સમતોલ રાખતાં તેઓશ્રી કોઈની પણ સંસારની સમસ્યાઓ હળવી કરે છે. અને હાથ પકડીને પરમના પ્રેમ અને ભક્તિ તરફ દોરી જાય છે. આવો સૌને અનુભવ છે. હવે પ્રશ્ન એ થાય છે કે, આ હસ્તી સંસાર-સંન્યાસ ઉપર એકસાથે સવારી શી રીતે કરી શકે છે ? અને માનવ કલ્યાણ શી રીતે સાધી શકે છે ? તેમની આ વિરલતા ઉપર આપણો અહોભાવ મુગ્ધ બની જાય છે. કૃપા કરો તો આ વાત અમે સમજીએ.

રાજયોગીજી જવાબ-૧. **કૈલાસવાસી માત તાતે સ્વીકારી,**
**બે અશ્વોતણી સવારી.**
**દિવ્ય માત-તાતે વારસો અર્પ્યો મુજને,**
**જે વહી રહ્યો મુજ અસ્તિત્વમાં.**
**જેના થકી સુલઝાવું સમસ્યાઓ સંસારતણી,**
**માધ્યમ બની સેવા કરૂં,**
**પાઠ પઢાવું અધ્યાત્મતણા.**
**અહમ્‌ને અળગો કરી,**
**સમતોલ રાખું સંસાર-સંન્યાસને.**

**વિવરણ :-**

કૈલાસમાં નિવાસ કરતા પરમ માત તાત શિવાશક્તિ અને શિવ-મહાદેવે સંસાર અને સંન્યાસની જવાબદારી સાથે નિભાવી છે. શિવજી સંન્યાસી-વૈરાગી હોવા છતાં પરમશક્તિ મા ભગવતી સાથે ગ્રાહસ્થ્ય અને સંન્યાસને સાથે નિભાવ્યો. આવા દિવ્ય માતા-પિતાનો વારસો મને મળ્યો છે. અને મારા સમસ્ત અસ્તિત્વમાં વિલસી રહ્યો છે.

હું તો ફક્ત માધ્યમ બનીને જ આ દિવ્ય વારસાની શક્તિ દ્વારા સંસારમાં આધિ, વ્યાધિ અને



Scanned by CamScanner

ઉપાધિથી ત્રસ્ત માણસોની-સમસ્યાઓ સુલઝાવવા પ્રયત્ન કરૂં છું. સાચા માનવ બનવા, માનવતા મહેંકાવવા અધ્યાત્મના માર્ગે દોરૂં છું. અભિમાનને-અહંકારને, મમત્વને દૂર રાખીને જ સંસાર અને સન્યાસને મારા જીવનમાં સમતોલ રાખી રહ્યો છું.

**સતીશ-પ્રશ્ન-૨. મળો છો તમે કૈંક એવું બને છે,**
**તમે છો અમે જાણે એવું બને છે.**
**ભૂલી જાવ છો - મોર કે બાળ તેના**
**કહો રાજ ! એવું એવું શું બને છે ?**

**વિવરણ :-**

ગુરૂદેવ ! તમને મળીએ છીએ, દેખીએ છીએ કે, તમારી સાથે વાતચીત કરીએ છીએ, અરે, તમારો વિચાર માત્ર કરીએ છીએ ત્યારે જાણે કે, એવું બને છે કે, તમે તમારા "સ્વ " ને ભૂલીને અમારામાં ઓતપ્રોત થઈ જાવ છો.

તમારૂં ઊંચું સિંહાસન છોડીને અમારી સાથે ભોંય પર બેસીને મન અને કાન બંને આપો છો. બાકી તમે તો માના મોર અને વહાલસોયા બાળ છો, અને તે પણ તમે તો વિસરી જાવ છો. તમે, અમે બની જાવ છો. તો રાજ ! આવું આવું, એવું એવું શું બને છે તે કહેવાની કૃપા કરશોજી.

**રાજયોગીજી જવાબ-૨. ગોકુલવાસીઓના હૃદય મંદિરમાં**
**કૃષ્ણ વસતા.**
**અયોધ્યવાસીઓના હૃદય મંદિરમાં**
**રામ વસતા.**
**રાજયોગીતણા હૃદય મંદિરમાં**
**ભક્તો-મુલાકાતીઓ વસતા.**
**જેના થકી અદ્વૈતભાવ પ્રગટતો.**
**છંટકાવ કરતો પ્રેમનો,**
**હૃદય સિંહાસનેથી,**
**શાતા પામતા પીડિત આત્મિયજનો.**
**નથી ભૂલી જાતો અન્ય કોઈ,**
**ભૂલું છું ફક્ત અહ્મને.**

**વિવરણ :-**

જેવી રીતે ગોકુલવાસીઓના હૃદયમંદિરમાં કૃષ્ણ બિરાજીત હતા અને અયોધ્યાવાસીઓના હૃદયમંદિરમાં રામજી વસતા હતા. તેવી જ રીતે મારા હૃદયમંદિરમાં ભક્તો અને મુલાકાતીઓ વસી જાય છે, વસે છે. અને આમ અદ્વૈતભાવ પ્રગટતો. મારા નિર્મળ, નિર્દોષ પ્રેમનો છંટકાવ અહર્નિશ મારા ભક્તો, મુલાકાતીઓ ઉપર કરતો રહું છું. જેના થકી આ પીડિત આત્મિયજનો શાંતિ પામતા, આનંદ પામતા. આમ અદ્વૈત સાધતાં હું મારા અહ્મને સદંતર ભૂલી જાઉં છું. બાકી માતાજી સાથેનો મયુરનો, બાળનો, સૈનિક તરીકેનો સંબંધ ક્યારેય ભૂલતો નથી.



Scanned by CamScanner

# "સ્વર્ગનું નિર્માણ કરવાનું આપના જ હાથમાં છે."

**ગાયત્રી માતાના વહાલા બાળકો,** **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

ગુરૂપૂર્ણિમાનું પર્વ સાચા, સંનિષ્ઠ શિષ્યોના જીવનનો આધ્યાત્મિક જન્મદિવસ ગણાય. સાત્વિક જ્ઞાનની જ્યોતને પ્રગટાવવાનો અને સતેજ કરવાનો આ મંગલ દિવસ છે. શિષ્યોમાં સાત્વિક, આધ્યાત્મિક જ્ઞાનનો ઉદય થાય, પ્રેમ પ્રગટે, પ્રેમ પ્રકાશે, વિવેક વિકસે, વૈરાગ્ય એટલે કે અનાસક્ત ભાવ જાગે તો જ માનવતાને મહેંકાવી શકાય.

**ગુરૂપૂજન, ગુરૂદેવનું દર્શન અને મંત્રદીક્ષાનું હાર્દ જીવનની સપાટી પર જ ન રહેતાં, જીવનની ભીતર, જીવનના ઊંડાણમાં ઉતરવું જોઈએ.**

મારા શિષ્યો અને શ્રધ્ધાળુ શ્રોતાઓ સાચા માનવ બને, માતાજીએ ચીંધેલા મારા નવ સિધ્ધાંતોનું આચરણ કરે તેવી મારી અંતરની ઈચ્છા છે, મારો આદર્શ છે. મારા સેવાકાર્યનું કેન્દ્રબિંદુ માનવતા અને વિશ્વબંધુત્વનો પ્રચાર અને પ્રસાર છે.

ગયા વર્ષે ગુરૂપૂર્ણિમાના દિવસે માનવતા મહેંકાવવા માટે મેં ચાર "માસ્ટર કી" નો ઉપયોગ કરવા માટે ચાર માર્ગો દર્શાવ્યા હતા

**૧. પ્રેમભર્યા સ્નેહાળ વર્તન માટે પ્રેમમાર્ગ**

**૨. સમજણભર્યા વર્તન માટે જ્ઞાનમાર્ગ**

**૩. સહનશીલતાભર્યા વર્તન માટે સહનમાર્ગ**

**૪. ક્ષમાશીલ વર્તન માટે ક્ષમામાર્ગ**

મને આશા છે અને માની લઉં છું કે, આ માર્ગો પર પ્રયાણ કરવાનું અને 'માસ્ટર કી' નો ઉપયોગ કરવાનું આપે ચાલુ કરી જ દીધું હશે. તમારા જીવનમાં અને ગ્રાહસ્થ્યમાં અને કુટુંબ પરિવારમાં સુખ,શાંતિ અને આનંદનું વાતાવરણ સર્જાયું હોય તો તમારો પ્રયત્ન સફળ થયો ગણાય. કદાચ સફળતાનો સીમાડો દૂર હોય તો પણ નાસીપાસ ન થતાં પ્રયત્ન ચાલુ જ રાખશો. ઉપર દર્શાવેલા માર્ગ પર ચાલીને જીવન સફળ કરવા માટે આપણે આપણી વ્યક્તિગત ક્ષમતા તો કેળવવી પડશેને ?

**આપણી વ્યક્તિગત ક્ષમતા કેળવવા માટે હ્રદયની પવિત્રતા, નિખાલસતા અને વિશાળતાની પ્રથમ આવશ્યકતા છે. આ પાયાની આવશ્યકતાની પૂર્તિ અર્થે આપણે આપણી જાતને આગળ જણાવ્યા પ્રમાણે કેળવવી પડશે.**

**૧.** આપણે આપણા વાણી, વર્તન, વ્યવહારના તટસ્થ વિવેચક બનવું પડશે, અને વિવેચનાને અંતે ઉદ્‌ભવતી ક્ષતિઓ સુધારવા પ્રયત્ન કરવો પડશે અને ઉપયોગી વિવેચનાને ઉર્ધ્વગામી, વધુ ઉપયોગી બનાવવા નમ્રભાવે, નમ્રતાપૂર્વક પ્રયત્ન ચાલુ રાખવો પડશે.

**૨.** સાત્વિક, સ્વચ્છ જીવન વ્યવહાર અપનાવવો પડશે, સદ્‌ગુણો કેળવવા પડશે. વેર, રાગદ્વેષ, ઈર્ષ્યા અને નિંદાના આસુરી, અસાત્વિક તરંગો જ્યારે જ્યારે મનમાં ઉદ્‌ભવે ત્યારે ત્યારે ઈષ્ટદેવના નામસ્મરણ, કે ૐ મા ૐ મંત્રજાપના રક્ષા કવચથી તે તરંગોને સમાવવા, શાંત કરવા, મહાત



Scanned by CamScanner

કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી મનના આ ઉધ્વેગી તરંગો, પ્રવાહો, પ્રેમમાર્ગ, જ્ઞાનમાર્ગ, સહનમાર્ગ અથવા ક્ષમાના માર્ગ પર વળી જશે, પરિવર્તિત થઈ જશે.

કુટુંબ, સમાજ, મિત્રો કે સહકાર્યકર્તાઓ સાથે ક્યારેય પણ વાદવિવાદ કે મતભેદનું વાતાવરણ સર્જાય ત્યારે આ મતભેદનો પ્રવાહ મનભેદમાં ન પલટાઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવુ જોઈએ. ક્રોધ અને ઘૃણાનો પ્રવેશ ન થાય, સંબંધો તુટી કે વિખેરાઈ ન જાય, તેનું ખાસ ધ્યાન રાખવું. આવા નાજુક પ્રસંગોએ પણ મનનો ઘાવ અવગણીને, અહ્મને અળગો કરીને આ ચારેય 'માસ્ટર કી' નો ઉપયોગ કરીને તમેજ પહેલ કરો. મિત્રતાનો હાથ લંબાવો, વ્હાલપની વર્ષા કરો, સજ્જનતા દાખવો અને સંબંધ સુધારો. પરિણામ જરૂર સુખદ આવશે.

૩. વ્યક્તિગત રીતે જીવનમાં શિસ્ત અને સંયમ કેળવવાં જોઈએ. વિવેકી બનવું જોઈએ.

૪. સમતા કેળવવી પડે એટલે કે પરમાત્મા દરેક વ્યક્તિમાં ચૈતન્ય સ્વરૂપે બિરાજી રહ્યો છે, પ્રકાશી રહ્યો છે તેવો ભાવ કેળવાય તો આપણામાં સમતા-સમાનભાવ આવે, કોઈના પ્રત્યે રાગદ્વેષ, ઈર્ષ્યા જાગે નહિ.

સમબુધ્ધિ રાખવી પડે. **કોઈપણ સંજોગોમાં ચંચળ, અવિવેકી કે ઉગ્ર બની ભાન ભૂલવું જોઈએ નહિ. મનની સ્થિરતાને ટકાવી રાખવી જોઈએ. પક્ષપાતી ન બનતાં તટસ્થ ભાવ રાખવો જોઈએ. જીવનસાગરમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, સુખ, દુઃખ, હર્ષ, શોક, નિંદા, કે સ્તુતિ જેવાં અનેક ભરતી ઓટના મોજાં ઉદ્‌ભવ્યા જ કરે અને જીવનની શાંતિને, સ્થિરતાને ડગાવી મૂકવાનો પ્રયાસ કરે ત્યારે વિવેકબુધ્ધિ વાપરીને સ્થિર રહેવાનો, સ્થિતપ્રજ્ઞ રહેવાનો પ્રયાસ કરવાનો. ધીરજ અને સહનશીલતા કેળવવાથી ઘણો લાભ થશે.**

પરમાત્મા સૃષ્ટિના પ્રત્યેક સર્જનમાં બિરાજીત છે, બધાજ મનુષ્યોમાં તેનો વાસ છે તેવી સમજ કેળવી, સતત સભાનપણે તેવો ભાવ કેળવવાથી આપણામાં સમભાવ, આવવા લાગશે, પ્રેમનો પ્રવાહ વધુ વેગીલો બનશે. આપનું સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વ આપને પ્રેમમય. આનંદમય લાગવા માંડશે.

**૫. સત્સંગ, સંતસમાગમ, સદ્‌ગુરૂનું શરણ અને સતત મંત્રજાપ, નામસ્મરણથી વ્યક્તિના જીવનમાં સાત્વિકતા આવે છે. સાત્વિક આચરણ તેનો વિષય બની જાય છે, તેની આદત બની જાય છે.**

વ્હાલા આત્મિયજનો, સંસારમાં,સમાજમાં જગતમાં સ્વર્ગનું નિર્માણ કરવાનું આપના જ હાથમાં છે, આપની જ બુધ્ધિમાં છે. પરમાત્માના આનંદસ્વરૂપ, સત્યમ્ શિવમ્ સુંદરમ્ સ્વરૂપના દર્શન કરવા બીજે ક્યાંય નહિં જવું પડે !

**મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# ગુરૂપૂર્ણિમા - ૯૯

(તા. ૨૮-૭-૯૯ ના રોજ, પી.જી.મહેતા મેમોરીયલ હોલમાં ઉજવાયેલ ગુરૂપૂર્ણિમા મહોત્સવનો અહેવાલ)

તા. ૨૯-૦૭-૯૯ — હેમંત ઉપાધ્યાય

વીસમી સદીની આ અંતિમ ગુરૂપૂર્ણિમા, પરમશક્તિ પરિવારના પરિજનો માટે અનેક રીતે વિશિષ્ઠ બની રહી.પૂજ્યશ્રીના સાનિધ્યમાં, આ -૨૩-મો મહોત્સવ... બે અને ત્રણ... પૂજ્યશ્રીની કૃપાદ્રષ્ટિ માટે બે શબ્દ અને ત્રણ અક્ષર મહત્વના..**'શ્રધ્ધા અને શરણાગતિ'** અને ત્રણ અક્ષર - 'ૐ મા ૐ'. વળી પી.જી.મહેતા હોલમાં આજનો ઉત્સવ દસમી વખત ઉજવાય છે. સતત્ ૧૦ વર્ષથી એક જ સ્થાન પર મનાવતા આ ઉત્સવની તારીખ '૨૮' મી.. ૨+૮=૧૦.. અંકશાસ્ત્ર એમ કહે છે કે જેના જન્મદિવસનો સરવાળો એક થાય.. તે સ્વ-પ્રકાશિત, સ્વ-સિધ્ધિ પ્રાપ્યક અને આધ્યાત્મિકતામાં ઊંડી શ્રધ્ધા રાખનારો હોય ... ગુરૂપૂર્ણિમા એટલે આપણા સૌ ભક્તોનો આધ્યાત્મિક જન્મદિવસ.. આપણા સહુનું આ વર્ષ, જેને સંધિકાળ, ઓળખવામાં આવે છે તેના ભયાનક ઝંઝાવાતોથી, પૂજ્યશ્રીનો દરેક ભક્ત સુરક્ષિત રહેશે એવું સંરક્ષણ-કવચ આજે અંકશાસ્ત્રની દ્રષ્ટિએ પણ પ્રાપ્ત થયું.

વિકસતી જતી ભક્ત-ક્ષિતિજોને, અલ્પ સમયમાં, પાદપ્રક્ષાલન અને ચરણ-સ્પર્શ સેવા ઉપલબ્ધ કરાવવા પૂજ્યશ્રી અનેક કષ્ટ સહન કરે છે. તો સુંદર ભજનો અને ભાવોર્મિ દ્વારા માનસ-પૂજા પણ હવે આદત પડી ગઇ છે. પૂજ્યશ્રીની દિવ્યદ્દષ્ટિને સો સો સલામ. અમદાવાદમાં જરાય અશાંતિ નહોતી ત્યારે પણ પૂજ્યશ્રીએ આદેશ આપેલો કે, આ વર્ષની ગુરૂપૂર્ણિમાનો સમગ્ર કાર્યક્રમ બપોરે ૪ વાગ્યા સુધીમાં પતાવવો. તેઓ પણ જરાય આરામ કર્યા વગર, તરત જ હોલમાં દર્શનાર્થે પાછા પધારશે. અને કાર્યક્રમના આ ફેરફારથી કેટલાય ભક્તોએ, અમદાવાદની અશાંતિમાં પણ આજના દિવસે પૂર્ણ સાનિધ્ય પ્રાપ્ત કર્યાનો સંતોષ લીધો. ભજન-ભક્તિ દ્વારા ભાવપૂજા, સ્વર-સંધ્યાના કાર્યક્રમ દ્વારા તા. ૨૫ મીને રવિવારે સાંજે કુટિરમાં આયોજિત થઇ.

આમ ગુરૂ પૂર્ણિમા મહોત્સવની શરૂઆત તા. ૨૫ મી જૂલાઇની સંધ્યાથી થઇ. ભક્તોના ગાયકવૃંદ દ્વારા, હૃદય-સ્પર્શી, ભાવ-સ્પર્શી અને ભક્તિમય ભજનો-ગીતો સુમધુર કંઠ અને વાદ્યો સાથે રજૂ થયા. આ સ્વર-સંધ્યાએ સહુ ભક્તોને મુક્ત હૃદયે ડોલાવી દીધા. ગીતોના એક એક શબ્દની રચના, રજૂઆત અને સંગીતનો સાથ, કાબેલે તારીફ રહયાં.

આજે ૨૭ મી જૂલાઇ છે. ગુરૂ પૂર્ણિમાના આગલા દિવસની સાંજ. પી. જી. મહેતા મેમોરીયલ હોલ, સાદગી પૂર્વક સજાવાયો છે. પડદા પાછળ એક તોરણ છે જેમાં ત્રણ -મયુરની ગુંથણી છે. ત્રણેય લોકમાં માતના આ મયુરની, સન્માન સાથે પ્રશંસા થાય છે. કાંતિ સર્જક આ દેવમાનવે, સૃષ્ટિમાં અદ્‌ભૂત, અકલ્પ્ય સેવા કાર્યો આદર્યા છે, જેની દેવગણે પણ નોંધ લીધી છે. આ તોરણની નીચે લાલ-રેશમી કાપડમાં સરસ ગુંથણ સાથે સૂચક-સંદેશ લખેલ છે. ત્રણ બીજ ગાયત્રી મંત્ર પછી સુંદર શ્લોકમાં ભક્ત હૃદયને ભાવ-પૂજાને વાચા આપી છે. આ શ્લોકનું ભાષાંતર આ પ્રમાણે છે.



Scanned by CamScanner

કરૂણામૂર્તિને પ્રણામ. આત્મજ્ઞાનના દીપકને પ્રદીપ્ત કરનારા, મારૂં યોગક્ષેમ જે કરી રહ્યા છે. અને જેમના મુખમાં જ્ઞાન રૂપી પ્રકાશ રહ્યો છે એવા જ્યોર્તિમુખ સદ્‌ગુરૂનું હું ધ્યાન ધરૂં છું.

જગત સત્ય કે અસત્ય હોઇ શકે, પણ શ્રી ગુરૂદેવના ચરણ-કમળ જ સત્ય છે, અને મારી મતિ પ્રમાણે આ જ સત્ય છે. ગુરૂના સંતોષ માત્રથી શાશ્વત સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અન્ય કોઇપણ ઉપાયથી સિદ્ધિ પ્રાપ્ત થાય એવું હું કલ્પી પણ શકતો નથી. અમે સદ્‌ગુરૂ દેવને પ્રણામ કરીએ છીએ.

મહેતા હોલ ચાર વાગ્યાથી ભક્ત-ભીડથી ઉભરાય છે. સાંજે ૪-૪૫ વાગે મુંજાલભાઇએ ગીત શરૂ કર્યું. "મારે આંગણ વહેલા આવો રે . ગુરૂદેવ પ્યારા". અને ભક્તના હૃદયને દૂરથી પણ ઓળખી જનારા, સમય શિસ્તના આગ્રહી પૂજ્યશ્રી બરાબર ૪-૫૫ વાગે હોલમાં પધાર્યા. આજનું એમનું સ્વરૂપ અતિ મોહક હતું. તામ્રવર્ણી ઝભ્ભો, આછા પીળા રંગનું પીતામ્બર, સોનાની ચેઇનમાં હૃદય આકારના પેન્ડન્ટમાં પરમશક્તિ મંત્ર, રૂઆબી કદમ, મોહક સ્મિત, અભિવાદન ઝીલતો ઊંચો હાથ, ભક્તોની કતાર. જાણે કે રાજાની સવારી. અને હાં છે પણ માતાજીના રાજકુંવર જ ને ? છડી પોકારાઇ છે અને બધાએ પ્રણામ મુદ્રામાં હાથ રાખ્યા છે. પૂજ્યશ્રીએ આસન ગ્રહણ કર્યા પછી. ગુરૂવંદના થઇ. "ગુરૂ બ્રહ્મા" નો શ્લોક બોલાયો. બીજા શ્લોકો પણ બોલાયા. આજના પ્રસાદ માટે પૂજ્યશ્રીએ તુલસી-પત્ર અભિમંત્રિત કરી આપ્યા.

પૂજ્ય બ્હેનજીએ, પૂજ્યશ્રીની ચરણપૂજાનું મહત્વ સમજાવતાં કહ્યું કે, આ પૂજન આત્માના ઉદ્ધાર માટે છે. આપણે આદર્શોને જીવનમાં ઉતારીને વિશ્વબંધુત્વની ભાવના પ્રસરાવવાની છે. એમના ચરણામૃતનું સેવન કરીને આપણે પાવન થઇએ, આપણા વિચારોનું ઉર્ધ્વીકરણ થાય, એવી ભાવના કરીએ. આપણા પોતાના જ કલ્યાણ માટે નહિં પણ આખું વિશ્વ, પવિત્ર, સાત્વિક, સુસંસ્કારી સમાજ બને અને એમાં મારૂં યોગદાન હોય એવો સંકલ્પ કરજો. જેમ પૂજ્યશ્રી શિસ્તના હિમાયતી છે તેમ આપણે પણ શિસ્તના આગ્રહી બનીએ અને શિસ્તમાં રહીએ. બધાંને હાથ જોડી પ્રણામ મુદ્રાની વિનંતિ કરી. તેઓશ્રી ગણપતિ પૂજનના શ્લોક બોલ્યા, અને પછી બધાને વિનંતિ કરી કે, પૂજ્યશ્રી દ્વારા આજના પ્રસાદને અભિમંત્રિત કરેલો છે માટે એનો દુર્વ્યય ન થાય એની કાળજી રાખશો.

હવે પાદ પ્રક્ષાલન પૂજા શરૂ થઇ. ભાઇશ્રી પ્રીતેશભાઇ અને મીનાબ્હેને પૂજ્યશ્રીના ચરણ ઉપરથી આવરણ દૂર કરી કૃતાર્થતા અનુભવી.

બરાબર ૫-૧૨ મિનિટે પ્રથમ ટુકડી પૂજા કરવા બેઠી. પ્રથમ સેવક ઉષાબ્હેન, દીનાબ્હેન, લીલાબ્હેન, જ્યોતિબ્હેન ત્થા સીતાકાકી. ગાયત્રી માતાના પાંચ મુખ આજે પાંચ માતાઓએ પ્રથમ પૂજા કરીને સંકેત આપ્યો કે, માતના હે લાડલા બાળ, તમારા ચરણનો સ્પર્શ તો માતાજીને પણ પ્રિય હશે. પછી ત્રણ દંપતિ. જે સૂચવે છે કે, પૂજ્યશ્રીના ભક્ત દંપતિઓ ત્રણેય લોકમાં આનંદિત રહેશે. પછી તો વારાફરતી અનેક ભક્તોએ પાદ્‌પૂજા કરી. સાંજે ૭-૫૫ છેલ્લી પૂજા ગાયક વૃંદના મુંજાલભાઇ-રમેશભાઇ-જનકભાઇ વગેરે એ કરી ત્યારે અંદાજિત ૭૦૦ થી વધુ વ્યક્તિઓએ આજે ચરણપૂજાનો લાભ લીધેલ હતો. ગાયકવૃંદની પણ કમાલ જૂઓ. આ છેલ્લી ટૂકડી પૂજા કરતી હતી ત્યારે ગીત હતું. "જ્ઞાનકી જ્યોત જગાતે ચલો, સબકો ગલે સે લગાતે ચલ". આપણે સહુતો પૂજ્યશ્રીને ગળે જ વળગેલા છીએ.



Scanned by CamScanner

બરાબર આઠ વાગે, ૨૭ મંત્ર, સદ્ગુરૂ દેવાની આરતી, પરમશક્તિ મંત્રની આરતી થયા પછી પૂજ્યશ્રી ૮-૧૫ વાગે વિદાય થતાં ત્યારે ભક્તોની આંખોમાં એક ગજબનો સંતોષ, કાંઇક મેળવ્યાની ધન્યતા અને પૂ. બ્હેનજીના આદેશની સંકલ્પતાનો અહેસાસ હતો.

આજે પ્રસાદમાં, પુરી-દાળ-ભાત-બટાકાનું શાક-વાલ-ફુલવડી તથા મોહનથાળ હતાં. સ્વાદિષ્ટ પ્રસાદ, આરોગીને સહુ ભક્તો આવતી કાલના ઇંતેજારમાં છૂટા પડયાં.

**૨૮ મી જૂલાઈ :-**

આજે પી.જી.મહેતા મેમોરીયલ હોલમાં પુષ્પ સુશોભન છે. પૂજ્યશ્રીના આસન ની સામે શ્વેત વસ્ત્ર વાળી આડશ ઉભી કરેલ છે. જેને આસોપાલવથી શણગારેલ છે. વચમાં લાલ રંગનું વોલપીસ લટકાવેલ છે.જેમાં ૐ મા ૐ અને મયુરનું ચિત્ર, વારંવાર લખાયેલ છે. ભક્તોની હરોળ માટે વ્યવસ્થા છે. સવારથી જ ગામેગામથી ભક્તો આવી ગયાં છે. સ્થાનિકને કદાચ્, અશાંત વાતાવરણની ભીતિ હશે પણ બહારગામનો ભક્ત, નિર્ભય રીતે પધાર્યો છે. બરાબર ૯.૦૫ મિનિટે પૂજ્યશ્રીની પધરામણી થઈ. 'સદ્ગુરૂ દેવની જય' થી વાતાવરણ ગાજી ઉઠયું.

આજે પૂજ્યશ્રી અતિ દિવ્ય ભાસે છે. સોનેરી સીલ્કનો ઝભ્ભો.. એવું જ પીતામ્બર, સફેદ મોજાં, સફેદ મોજડી, સામાન્ય આભૂષણ મલકતું સ્મિત અને રૂઆબી કદમ.. છડી પોકારાઈ છે, અને સૌનું અભિવાદન સ્વીકારતા સ્વીકારતા, પૂજ્યશ્રી પોતાના આસને બિરાજ્યાં છે. માઈક પરથી સુચનાઓ અપાતી જાય છે અને પૂજ્યશ્રીના ચરણસ્પર્શની પરવાનગી અપાઈ છે ત્યાં જ પૂજ્યશ્રીએ પોતાના ચરણ આવરણ દૂર કરવાનું પુણ્ય એક દંપતિને આપ્યું . જોગાનુજોગ... આ ભાઈનો આજે જન્મદિવસ છે.. પૂજ્યશ્રીની દિવ્યદ્રષ્ટિમાં જન્મદિવસની આ ભેટ થી દંપતિ અવાક્ બની ગયાં.. પોતાના આચરણોમાંથી આવરણો દૂર કરવાના સંકલ્પ સાથે, પૂજ્યશ્રીના ચરણોમાં મસ્તક મૂકી, ચોધાર આંસુએ ચરણ પખાળ્યાં છે. જીવન ધન્ય બની ગયાંનો ભાવ છે. એક પણ શબ્દ બોલ્યા વગર પૂજ્યશ્રીની કૃપાદ્રષ્ટિથી ધન્યતા અનુભવી છે. આ બીજો પ્રસંગ છે જ્યાં પૂજ્યશ્રીએ પોતાની દિવ્ય દ્રષ્ટિનો પરિચય કરાવ્યો છે.

૯.૧૫ થી સતત ભક્તોની વણથંભી હરોળમાંથી ચરણસ્પર્શ માટે ભક્તો આવે છે. સતત મસ્તક સ્પર્શ અને આભૂષણ (વીંટી) વાળી અંગૂલિ સ્પર્શથી એમના ચરણોમાં ઉઝરડા પડેલ દેખાય છે છતાંય મુખ પર આવકાર સ્મિતથી ભક્ત સમુદાય સંકોચ સાથે, આનંદે છે.

સવારે ૧૦.૦૦ વાગે, ૧૦.૫૫ વાગે, ૧૧.૪૫ વાગે અને ૧૨.૪૫ એમ ચાર વખત મંત્રદીક્ષા અપાઈ છે. આજે કુલ -૧૧૧- ભક્તોએ દીક્ષા લીધી છે જેમાંથી ૫૪ સ્ત્રીઓ અને પાંચ બાળકો છે.

સવારે અગીયાર વાગે યજ્ઞોપવિત પણ પૂજ્યશ્રી દ્વારા ધારણ કરાવાઈ, સદ્ગુરૂના કરકમળોથી યજ્ઞોપવિત સંસ્કાર, કોઈક અતિ ભાગ્યવાનને જ પ્રાપ્ત થાય એવું સમજવાથી એક બાળક સાથે, મુંબઈથી પધારેલ -૪૫- વર્ષના ભક્તએ પણ યજ્ઞોપવિત સંસ્કાર ગ્રહણ કર્યા. આજે જાણ્યું કે, પૂજ્યશ્રીના હસ્તે, સંસ્કાર મળતાં હોય તો ગમે તે ઉંમરે લઈ લેવાં જોઈએ.

બરાબર એક વાગ્યા સુધીમાં આજે -૧૫૦૦- કરતાં પણ વધુ ભક્તોએ ચરણ સ્પર્શ કર્યા હતાં.



Scanned by CamScanner

એક વાગે વિદાય થતાં પહેલાં ભાઈશ્રી કૌશિક અને કમલે, પૂજ્યશ્રીના ચરણોને આવરણ પહેરાવ્યાં. એક જ રાશિ.. ગયા વર્ષે મનિષભાઈ અને મુંજાલભાઈ હતા.. ત્યાં પણ એક જ રાશિ... આ બધી આપણા પરમ પૂજ્યશ્રીની લીલાઓ છે.

૧.૦૫ વાગે પૂજ્યશ્રી વિદાય થયાં ત્યારે પણ ભક્તોની આંખોમાં ફરી ફરીને ચરણ સ્પર્શ કરવાની તમન્ના દેખાઈ આવતી હતી.

આજે પ્રસાદમાં સેવ-ઉસળ અને ઘઉંના લાડુ છે. સૌના આશ્ચર્ય વચ્ચે કેટલાય લાડુ પર, સ્વયમ્ અંકિત 'ૐ' અથવા સ્વસ્તિક દ્રશ્યમાન થયાં હતાં. ભક્ત તો લાડુ સાચવે કે આરોગે ? રસોઈ સેવામાં વ્યસ્ત બ્હેનો આ દ્રશ્યથી અતિ રોમાંચ અનુભવતી હતી.

બપોરે ૨.૨૦ વાગે ફરીથી પૂજ્યશ્રી હોલમાં પધાર્યા છે. દૈદિપ્યમાન વેશભૂષા .. ક્રીમ કલરના કૂર્તા-ચૂડીદાર સાથે કોટી અને ખેસ.. 'મોર'નું બ્રોચ.. સોનાની ચેઈનમાં પરમશક્તિ મંત્રનું પેન્ડન્ટ.. સફેદ મોજડી.. ઠસ્સાદાર પગલાં.. અને ચહેરા પર કોઈપણ પ્રકારના થાક વગરની પ્રફુલ્લિતતા.. ભક્તોને અભિવાદન સાથે આશીર્વાદ અર્પતા, તેમણે સ્થાન ગ્રહણ કર્યું છે. 'સદ્ગુરૂ દેવ કી જય'ના ગગનભેદી અવાજોથી હોલ ગાજી ઉઠ્યો છે. જય ગુરૂદેવાની ધુન બોલાઈ.

પૂજ્ય બ્હેનજી ફરીથી બધાને હાથ જોડી રખાવી, ગુરૂવંદના કરાવી.. સવારના સમયમાં કોઈપણ કારણસર,ચરણસ્પર્શથી વંચિત ભક્તોને પૂજ્યશ્રીએ, ચરણવંદનની સંમતિ આપી ત્યારે પૂજ્યશ્રીની કૃપાદ્રષ્ટિથી ભક્તોએ જયજયકાર કર્યો.અંદાજ હતો કે, ૨૦-૨૫ બાકી હશે પણ જોતજોતામાં પચાસથી પણ વધુ ભક્તો, વંદના કરી ગયાં.

હવે, શ્રધ્ધાકુટીરના રાજકવિ, શ્રી સતિષભાઈએ, ભક્ત હૃદયના રણકારને, વાચાને શબ્દોમાં કંડારીને આજની ગુરૂપૂર્ણિમાને પ્રાર્થના દિવસ બતાવીને ભાવોર્મિ રજૂ કરી.. તેમણે કહ્યું કે,

"આમ રાસ્તા નહી થા મૈં,

ફિર ભી મુજ સે હોકર ગુજર ગયા કોઈ."

હું જાહેર રસ્તો નથી છતાંય મારામાંથી કોઈ પસાર થઈ ગયું. મન અને અહંકારને ભિન્ન કરી આપે, એનું નામ રાજયોગી.. આજે ગુરૂની કરૂણા એ જ પર્વ છે. બિનશરતી દયા કરી, મન અને શરીરને ચોખ્ખા કરી પાછા મોકલી આપે, એ જ વિનંતિ.. આ સંસારની બેડીઓમાંથી આપ જ અમને મુક્ત કરી શકશો.

પછી મુંજાલભાઈ એ સરસ ગીત રજૂ કર્યું. ગયા વર્ષે એમણે પ્રાર્થના કરેલી કે, અમે તમારા ચરણકમળમાં રહીએ.. આ વર્ષે, એક કદમ આગળ વધીને તેમણે કહ્યું કે, "હે નાથ, તમે અમારા હ્રદયકમળમાં રહેજો... નાથ, ધરો અવતાર ધરા પર, ત્યારે અમને ટહુકો દેજો.." શબ્દ પ્રભૂ આપે તો જ બોલાય.. એમના ગીતના એક એક શબ્દની ગુંથણી, અનેરા ભાવતરંગો ઉત્પન્ન કરી ગઈ. આખાય હોલમાં બિરાજીત દરેક ભક્ત ડોલી ઉઠ્યાં.

તેમણે પૂજ્યશ્રી દ્વારા સાતમી ફેબ્રુઆરીએ આયોજિત પ્રેતાત્મા મુક્તિની પણ વિગતો આપી અને પૂજ્યશ્રીના સામર્થ્યની પ્રતીતિ કરાવી.



Scanned by CamScanner

હવે ફરીથી સતિષભાઈએ ભાવ વંદના કરતાં કહયું કે, "મારે શબ્દ કંકુ, શબ્દ ચોખા અને શબ્દ એ જ પૂજા છે. હે કરૂણાકર તમે મારા પૂજાનંદ બની ગયાં." આખી કવિતા પ્રકાશિત થશે પણ પૂજ્યશ્રીના આનંદ સ્વરૂપ..પૂજાનંદ, પ્રેમાનંદ, પૂર્ણાનંદ, બ્રહમાનંદ,શિવાનંદ,મૌનાનંદ,નિજાનંદ, યોગાનંદને વંદનાઓ કરી..

ફરીથી મુંજાલભાઈએ ગીત રજૂ કર્યું... અરજ મોરી, અવધૂત ઉર ધરો.

પછી શ્રી સતિષભાઈએ પૂજ્યશ્રીને બે પ્રશ્નો પુછયા. અતિ માર્મિક એવા આ બંને પ્રશ્નોના પૂજ્યશ્રીએ ખૂબ સૂચક આધ્યાત્મિક ઉત્તરો આપ્યાં. પૂજ્યશ્રીના પ્રત્યુત્તરમાં પણ ભક્તો માટેની ભાવનાના દર્શન થયાં.

ત્યારબાદ પૂજ્યશ્રીનું આજનું દિશાસુચક, માર્ગદર્શક અત્યંત લાગણીમય આર્શીવચન શરૂ થયું. આજના દિવસને ભક્તોનો આધ્યાત્મિક જન્મદિવસ બતાવીને તેમણે કહયું - સાત્વિક જ્યોતને પ્રગટાવો, અનાસક્ત ભાવ જગાડો તો જ માનવતા મહેંકી ઉઠે, તેમણે કહયું.. ગયા વર્ષે મેં બતાવેલા ચાર માર્ગ.. પ્રેમ માર્ગ, જ્ઞાન માર્ગ, સહન માર્ગ અને ક્ષમા માર્ગ પર જેમણે ચાલવાનું શરૂ કર્યું હશે અને સુખ, શાંતિ અને આનંદનો અનુભવ થયો હશે તો તમે તમારા પ્રયત્નોમાં સફળ થયા કહેવાય. ન થયું હોય તો પણ પ્રયત્ન ચાલુ રાખશો. વ્યક્તિગત ક્ષમતા કેળવવા હ્રદયની પવિત્રતા, નિખાલસતા જરૂરી છે. વાણી-વર્તન-વ્યવહારમાં તટસ્થતા રાખી, વિવેકશીલ બનવું પડશે. સાત્વિક અને સ્વચ્છ જીવન બનાવવા માટે વેર-રાગદ્વેષ-અને નિંદાથી દૂર રહેવું પડશે. ૐ મા ૐ ના રક્ષા કવચથી મન પર સંયમ રાખવો જરૂરી છે. કુટુંબમાં-સમાજમાં-મિત્રોમાં-સહકાર્યકરોમાં વાદવિવાદ કે મતભેદ થાય તો પણ 'મનભેદ' ન થાય એની ખાસ કાળજી રાખવાનો આદેશ આપ્યો. અહ્મને અગળો રાખી, વ્હાલપની વર્ષા , મિત્રતાનો હાથ અને સજ્જનતાનો સાથ રાખવા જણાવ્યું. શિસ્ત અને સંયમમાં રહીને વિવેકશીલ બનવું. ચંચળ,અવિવેકી, ઉગ્ર, કે પક્ષપાતી ક્યારેય ન થવું. જીવનની શાંતિ અને સ્થિરતાને ડગમગાવે તેવા દરેક વાતાવરણથી દૂર રહેવું. ધીરજ, સહનશીલતા અને વિવેક બુધ્ધિથી દરેકમાં પરમાત્મા બિરાજીત છે એવી દ્રષ્ટિથી પ્રેમનો પ્રવાહ વેગીલો બનશે. સત્સંગ, સંત સમાગમ અને સદ્ગુરૂના શરણથી જ સાત્વિકતા આવે છે. તેમણે કહયું કે, સંસારમાં, સમાજમાં, જગતમાં સ્વર્ગનું નિર્માણ કરવાનું આપના જ હાથમાં છે. આપની બુધ્ધિમાં છે. સત્યમ્, શિવમ્, સુંદરમ્ના દર્શન કરવાં તમારે ક્યાંય જવું નહીં પડે. ૐ મા ૐ

ફરીથી મુંજાલભાઈએ 'ટહુકા' પર તેમની રચના રજૂ કરી. પછી બાળસંસ્કારના હિમાયતી પૂજ્યશ્રીએ બાળકો હ્રારા નવસૂત્રોના ઉચ્ચારણને ભક્તો હ્રારા પ્રતિસાદ અપાવ્યો.

-૨૭- મંત્ર અને પરમશક્તિની આરતી પછી સાંજે ૪.૪૦ વાગે પૂજ્યશ્રી વિદાય થયાં ત્યારે હોલના ભક્તોના આનંદ-સંતોષને કોઈ સીમાઓ ન્હોતી. યુધ્ધ વિજય જેટલો જ આનંદ સૌને પ્રાપ્ત થયો.

કાશ.. દરેક પૂર્ણિમા ગુરૂપૂર્ણિમા હોત.. અને આ હોલ.. પી. જી. એટલે પૂજ્ય ગુરૂદેવ.. પણ ક્યારેક વિશાળ કુટીરમાં ફેરવાઈ જાય તો નવાઈ નહીં. આજના મળેલ આશિષને, માર્ગદર્શનને, પ્રેમને, દરેક ભક્તે તાંદુલ પોટલીની જેમ સાચવવાનો સંકલ્પ કરીને વિદાય લીધી.

ૐ મા ૐ



Scanned by CamScanner

# પાણિગ્રહદિન સુવર્ણજયંતિ

હેમંત ઉપાધ્યાય ૫-૭-૯૯

તા. ૫મી મે ૧૯૫૦ ને દિવસે સંસારયાત્રા શરૂ કરનાર પૂ. ગુરૂદેવ, સાંસરિક જીવનના ૪૯ વર્ષ પૂરાં કરી ૫૦ મા વર્ષમાં પ્રવેશ કરી રહયા છે ત્યારે અમદાવાદના ભક્તજનોએ આ ઘડીને ઉત્સવમાં ફેરવી નાખવાનું વિચાર્યું. પૂજ્યશ્રીની અનુમતિની પ્રાર્થનાને થોડાક વિચાર પછી, પૂજ્યશ્રી દ્વારા સંમતિની મહોર વાગી ત્યારે જ ભક્તોમાં ઉત્સાહ વ્યાપી ગયો હતો. તે જમાનામાં વીરપૂરથી પૂજ્યશ્રીની જાન કલ્યાણા ગામે ત્રણ દિવસ રોકાઈ હતી અને એટલે આ ઉત્સવને ત્રણ દિવસ વહેલો ઉજવવાની ભક્તોની માંગને પૂજ્યશ્રી એ સ્વીકારી, માત્ર ભક્તોની અનુકુળતા માટે. પણ ભક્તોએ તો કૂટીરમાં લગ્નના વાતાવરણને ૨૧ દિવસ પહેલાં એટલે કે ૧૨મી એપ્રિલે જ આમંત્રણ આપી દીધું.તે દિવસે પ્રથમ વાર મુંજાલભાઈએ "ગણેશ બેસાડો મારા ગણેશ દુંદાળા" લગ્નગીત ગાયું અને ગુરૂદેવને પણ કહી દીધું કે "રહેજો રહેજો રાજયોગીજી શાનમાં અને આવશું તમારી જાનમાં" ભક્તોએ વિનમ્રભાવે ઉત્સવમાં સહભાગી થવાની પ્રાર્થના દ્વારા મંજૂરી માંગી લીધી. અંજલિબ્હેને પણ સુંદર ગીત ગાયું. "માંડવડે ફરતી મેલી બાજોઠી... લખવી છે કંકોતરી"...

ત્યાર પછી તો લગભગ રોજ જ કૂટીરમાં અનેક ભક્તો દ્વારા, આ ઉત્સવમાં ઘેલા થઈને લગ્નગીતો રજૂ થવાં લાગ્યાં. પૂજ્યશ્રી પણ અતીતમાં ખોવાઈને તે જમાનાની વાતો, મર્યાદા, સંસ્કાર વગેરેને ભક્તો સમક્ષ કહેતાં. તે જમાનામાં લગ્નમાં દોઢ મણ પાપડ બનાવાતા અને લોટને પૂજ્યશ્રીએ હાથથી અને હથોડાથી ઝૂડેલો. તે જમાનાનો હથોડો પણ બતાવ્યો. ત્રણ દિવસના લગ્નમાં પ્રથમ દિવસે લગ્ન, બીજે દિવસે ચરભલ અને ત્રીજે દિવસે શિરામણી.. એટલે કે શીરો અને પાપડ જ ખાવાના. પાંચમીએ ગયેલી જાન આઠમીએ સવારે ૧૧.૩૦ વાગે પાછી આવી ત્યારે ચોઘડીયાના કારણે સાંજે પાંચ વાગ્યા સુધી પડોશમાં બેસી રહેવું પડેલું. ટૂંકમાં અત્યારના ત્રણ કલાકના લગ્નની સરખામણીએ ત્રણ દિવસના લગ્નમાં પણ પૂજ્યશ્રી, મમ્મીજીનું મુખદર્શન નહીં કરી શકેલા આ હતા સંસ્કાર અને મર્યાદા

પૂજ્યશ્રીએ તે જમાનામાં ધોતિયું-ખમીસ, બદામી રંગનો કોટ અને માથે ભરતવાળી ટોપી પહેરેલી તે લગ્ન વખતે પીતામ્બર અને ઉપર ખુલ્લું શરીર હતું. એમની જાન પણ વીરપૂરથી ટીમ્બા બસમાં અને ટીમ્બાથી કલ્યાણા, શણગાર્યા વગરના ગાડામાં ગયેલી. પાછાં આવતાં પણ આજ ક્રમ રહેલો. આદરણીય પંડીત શ્રી ચીમનભાઈ શાસ્ત્રી દ્વારા પૂજ્યશ્રીને તથા કુસુમબાને લગ્નસંસ્કાર કરાવાયેલ. લગ્નની એક વિધિમાં સામાન્ય રીવાજ મુજબ, વરરાજાને પાન ખવરાવતાં. પૂજ્યશ્રીએ ક્યારેય પાન ખાધેલું નહીં અને પિતાજી બાપુલાલ દ્વારા પણ આગ્રહ થતાં, આ મક્કમ મનના યુવાને વિનમ્રતાથી પિતાજીને સમજાવી, પાન ખાવાની ના પાડેલી. વ્યસન સામે મનની મક્કમતા એટલી પ્રબળ હતી કે, ઉત્સવનો ઉત્સાહ પણ તેમને મજબૂર કરી શક્યો ન્હોતો.

પૂજ્યશ્રીના વરઘોડામાં, ઘોડો બેન્ડથી ભડકે અને રીવાજ પ્રમાણે દરેક મંદિરે ઉતરવાનું, પગે લાગવાનું અને ફરી ઘોડે બેસવાનું. લગ્નના લાલ રંગના ઘોડાને, પોતાના જ વરઘોડામાં, વરરાજાના વસ્ત્રોમાં પૂજ્યશ્રીએ ગળાથી બાથમાં લીધો અને ત્યાર પછી સંપૂર્ણ વરઘોડામાં આ ઘોડો ભડક્યો ન્હોતો. કાશ, પૂજ્યશ્રીની આ સુક્ષ્મશક્તિની પહેચાન તે જમાનામાં થઈ હોત.

કૂટીરમાં ભાવવિભોર ભક્તો અને બ્હેનો દ્વારા રોજની સંધ્યાને લગ્નીય વાતાવરણમાં ફેરવી નંખાતી. કોઈકે તો લગ્નગીતનું પુસ્તક પણ ખરીધું. ખેર! દિવ્ય યુગલની સંસારયાત્રાની સુવર્ણજયંતિનો દિન જેમ જેમ નજદીક આવતો ગયો તેમ તેમ કહી કે, દરેક ભક્તોના ઘરે લગ્નની તૈયારીઓ હોય તેમ માનસિકતા બદલાતી ગઈ. નવા કપડાં ખરીદવાના - સીવડાવવાના - તૈયાર થવાનું - બસ આનંદ અને ઉત્સાહની પાવનગંગા - શ્રધ્ધાથી નીકળીને દરેક ભક્તના ઘરને પાવન કરી ગઈ.

આજે બીજી મે નો દિવસ છે. સવારથી ભક્તો કુટીરને સજાવવાના તથા શણગારવાના કાર્યમાં ગૂંથાયેલ છે. ત્રણ બાજુથી કુટીરને આસોપાલવના તોરણોથી શણગારી છે. અતિ રમણીય એવા લીલા આસોપાલવના

પાન દ્વારા ઠંડક પ્રસરાવતી આ શણગાર પ્રક્રિયા પણ સૂચવે છે કે, જીવનના ત્રણ પ્રહર, બાળ,યૌવન, અને પ્રૌઢાવસ્થામાં પરમાત્મા સુખથી આચ્છાદિત કરી દે તો પણ એક બાજુ હંમેશાં ખુલ્લી રાખો જે પ્રભુના તથા પ્રભૂના દૂતના દર્શન કરી શકે. કૂટીરના ચાર સ્તંભમાંથી માત્ર બે પર આવરણ ઢંકાયા છે. બે યથાવત હતા. અર્થાત બાળપણ અને યુવાનીમાં તમારી કિતાબ ખુલ્લી હોઈ શકે પણ બાકીની બે અવસ્થાઓમાં વિચારો પર, વર્તન પર અને વ્યવહારમાં આવરણ એટલે સંયમ કે મર્યાદા જરૂરી છે. ઝૂલાને પણ અતિ રમણીય રીતે સજાવાયો છે. વચમાં માતાજીને બિરાજમાન કરાયાં છે. તેમની ડાબી બાજુમાં યુવાન વયના પૂજ્યશ્રી અને કુસુમબાનો ફોટો છે. જમણી બાજુના ફોટામાં અનેક ફોટાઓ સમાવાયા છે. ૫૦મી લગ્નતિથિના વાક્ય નીચે, પૂજ્યશ્રી કુસુમબાને હાર પહેરાવતાં, એકબીજાને કંસાર જમાડતાં, માતાજીની સામે દાંડીયા-રાસ રમતાં.. મનિષભાઈની આ કળા છે કે, એક જ ફોટામાં અનેક પ્રસંગો આવરી લઈ શકે છે. ઝૂલાની આગળ, સંખેડાના કોતરકામ વાળી બે ખુરશીઓ છે. વચમાં ટીપોઈ છે.. શાસ્ત્ર કહે છે કે, પુરૂષની જમણી બાજુ સ્ત્રી બેસે, અહીં પૂજ્યશ્રીની ડાબી બાજુ કુસુમબા બિરાજમાન છે અર્થાત ક્રાંતિકારી સંત એવા પૂજ્યશ્રી નવા શાસ્ત્રના નિર્માતા છે. વચમાંની ટીપોઈ પર બે દીવીઓ ઉપર દીવા મૂકાયાં છે. પૂજ્યશ્રીની ડાબી બાજુ એક ટેબલ પર મોટા અક્ષરે '૫૦' અંગ્રેજીમાં લખાયું છે તો જમણી બાજુના ટેબલ પર સ્વસ્તિક બનાવાયું છે. પૂજ્યશ્રી આ દેશની સંસ્કૃતિના પ્રતિક છે તો પશ્ચિમ એટલે અંગ્રેજોની ધરતી પર પણ સંસ્કાર અને સેવાના પ્રણેતા છે એમ દર્શાવાય છે. આસોપાલવના તોરણો પર અગિયાર ફોટાઓ દ્વારા પૂજ્યશ્રીની જીવનયાત્રા દર્શાવાઈ છે. મનિષભાઈએ પોતાની આગવી કળાથી, એમના આખા જીવનને, ફોટાઓમાં મઢી લીધું છે. ઠેકઠેકાણે મોરના ચિત્રો લટકાવ્યાં છે. પૂજ્યશ્રીની રૂમની દિવાલ પર થર્મોકોલથી ૫-૫-૫૦ ની તારીખ લખાઈ છે અને અન્ય ઠેકાણે '૫૦' નો અંક બતાવાયો છે. એક ભક્તે પુછ્યું કે, આ લગ્નનું વર્ષ કે સુવર્ણજયંતિનું વર્ષ.. કહેવાયું કે, જે સમજો તે... સંતના જીવનમાં હરેક વર્ષ સુવર્ણ જયંતિનું જ હોય છે.

આખી કુટીર અને ચોક ભક્તોના મહેરામણથી છલકાય છે. પૂજ્યશ્રીના કુટુંબીજનો, સ્નેહીજનો, સ્વજનો અને ભક્તજનો પધારી ગયાં છે. સુરત, મુંબઈ, લંડનથી પણ ભક્તો આવ્યા છે. આજે સૌ કોઈ પોતાની ધૂનમાં, પોતાના ઉમંગમાં અને પોતાના ભાવમાં હોવા છતાંય, ઉત્સવમાં સહભાગી થઈ શકવા બદલ ગૌરવ અનુભવતાં દેખાય છે.

સાંજે બરાબર ૬-૧૦ મિનિટે ઉત્સવનો પ્રારંભ ગણપતિ સ્તુતિથી કરાયો છે. "આજની ઘડી તે રળીયામણી" ના ગીત પછી, દૂર બેન્ડ વાગતાં સંભળાય છે. ચાર સાફાધારી છત્રપટધારકોની વચ્ચે પૂજ્યશ્રી અને કુસુમબા, શ્રધ્ધાના દ્વારેથી કુટીરમાં પ્રવેશ કરી રહ્યા છે. આગળ મસ્તક પર કળશ અને શ્રીફળ ધારણ કરેલી ૬ બાળકન્યાઓ ચાલે છે. ઢોલીડો ઢોલ વગાડીને સર્વને કુટીરમાં પ્રવેશ કરાવે છે. પૂજ્યશ્રી અને કુસુમબાની પાછળ -૫- સૌભાગ્યવતી સ્ત્રીઓ લગ્નગીતો ગાય છે. પુરૂષના અને સ્ત્રીના સામાન્ય રીતે ત્રણ સ્વરૂપ - પુત્ર - પિતા અને દાદા.. તો પુત્રી - પત્ની અને દાદીમાં.. એટલે છ બાળકન્યાઓ.. સ્ત્રીના ત્રણ સ્વરૂપ સાથે તે કૂળલક્ષ્મી અને ગૃહલક્ષ્મી પણ કહેવાય માટે પાછળ પાંચ સૌભાગ્યવતી સ્ત્રીઓ.. પૂજ્યશ્રીએ સુરવાલ, અચકન, અને માથે ફેંટો બાંધેલો છે. પગમાં સફેદ મોજડીઓ છે. કુસુમબાએ પણ યથોચિત્ અને પ્રસંગોચિત્ શણગાર કરેલાં છે. ભક્તોના અભિવાદન ઝીલતાં ઝીલતાં આ દિવ્ય યુગલ પોતાના સ્થાને પહોંચે છે. નાના બાળકો; વરરાજાને જોવા જેટલાં ઉત્સાહથી દોડતા હોય એનાથીય વધારે ઉત્સાહથી ભક્તો આ દિવ્ય યુગલની ઝાંખી માટે આતુર છે. ઝગારા મારતી લાઈટો સાથેના વીડીયોગ્રાફરો, ફોટોગ્રાફરો, આ ઝાંખીમાં વિઘ્ન બનતાં એક ક્ષણ કોઈક નિરાશા અનુભવે છે પણ આખરે વિચારે છે કે, દુનિયાના ભક્તોને ઉત્સવ આનંદ કરાવવા માટે આ લોકો તો ફરજ બજાવે છે અને પછી તેમને અભિનંદન આપે છે.

પૂજ્યશ્રી તથા કુસુમબા બિરાજમાન થયાં છે. જનની જનેતા પરસનબા તથા સેવાયજ્ઞના અડગ, ખડક, બ્હેનજી, આ ઉત્સવના મંગલ પ્રારંભ માટે દીપપ્રજવલિત કરે છે. આમેય ઓછાબોલા, પણ કર્મથી પ્રખ્યાત,



Scanned by CamScanner

બ્હેનજી કશું જ બોલી શકતા નથી. પરસનબા એ આશીર્વાદ આપ્યા છે. "મારા રાજાને ઘણી ખમ્મા.. કુસુમને ઘણી ખમ્મા" કહ્યાં છે. અને સુંદર શબ્દો કહયાં છે. "ખમ્મા મારા લાડકવાયા, અમર રહે તારી કાયા" શતકમાં પ્રવેશી ચૂકેલાં જનની જનેતા એ પૂજ્યશ્રીના ઓવારણાં લઈને આજે જાહેરમાં પણ પરમાત્માને પ્રાર્થના કરી છે. મમતાનું આ નિરાળું, નિર્મળ, પ્રેમથી છલોછલ વાત્સલ્ય જોઈને ભક્તોની આંખો ભીંજાણી છે અને હાથતાળી નાદ કરે છે કે હે પ્રભૂ, દુર્લભ એવી આ મા-બાળની જોડીના અમને દર્શન કરાવ્યાં.આખી ભક્તસૃષ્ટિ પર "મંગળ વરસે" એવી પ્રાર્થના ગીત સાથે દિપ પ્રાગટ્ય પૂર્ણ થયું.

પૂજ્યશ્રી અને કુસુમબા, થોડીક ક્ષણો માટે એમના રૂમમાં ગયાં છે અને પાછા ફર્યા ત્યારે.. પૂજ્યશ્રી જોધપૂરી કોટ અને પાટલુન.. પગમાં લાલ બુટ.. મમ્મીજીનો ડ્રેસ પણ બદલાયેલો.. આંખો કબુલ ના કરી શકે કે, ૬૭ વર્ષની આયુ ધરાવતાં આપણા પૂજ્યશ્રી આટલા સોહામણા લાગે.. પણ આજે તો સાંસારિક રૂપના જ દર્શન કરવાના છે. ગળામાં મોતીની સફેદ માળા છે. ભક્તો આ યુગલ પરથી દ્રષ્ટિ હટાવવા તૈયાર જ નથી. જવલ્લે જ પ્રાપ્ત થતાં ગુરૂદેવના આ દર્શનથી ભક્ત મહેરામણ અર્ધપાગલતા અનુભવી રહયો છે.

હવે ગીત શરૂ થયું છે. "સીતાને તોરણ રામ પધાર્યા" અને કુટીરમાં રામ-સીતા-લક્ષ્મણ અને હનુમાનજીના વેશધારણ કરેલાં બાળકો પધાર્યા છે. ધીમે પગલે પ્રયાણ કરતાં આ દિવ્યવેશધારી બાળકોને ભક્તો ભાવપૂર્વક નમન કરે છે. મર્યાદા પુરૂષોત્તમ રામનું આ અલૌકિક, દિવ્યતેજવાળું યુગલ દર્શાવે છે કે, તમારા સંસાર સાથે તમારા ભાઈ અને સેવકનો પણ એટલો જ આદર કરો. તમારા જીવનમાં યશ-કીર્તિ તથા ફરજપાલનના આ સમર્થકોને જીવનમાં ક્યારેય ન ભૂલો. પૂજ્યશ્રીના જીવનમાં પણ આ જ પ્રતિત થાય છે.

ત્યાર પછી ગીત શરૂ થયું "માધવપૂરને માંડવે" ભગવાન શ્રીકૃષ્ણ અને રૂકમણિ વિવાહનું આ સુંદર ગીત રજુ થયું અને કુટીરમાં શ્રીકૃષ્ણ-રૂકમણિ અને ગોપી પધાર્યા. બાળ સ્વરૂપમાં આ ત્રણેય પાત્રોને નિહાળીને સર્વ ભક્તો 'શ્રીકૃષ્ણની જય' પોકારી ઉઠયાં. દિવ્ય તેજથી પ્રકાશિત આ પાત્રો પણ દિવ્ય યુગલની સુવર્ણજયંતિ ઉજવવા પૃથ્વી પર પધાર્યા હોય એવી ભાવના સાથે ભક્તોએ તેમને તાળીઓથી વધાવી લીધા. પૂરા આદર સાથે, પૂજ્યશ્રીએ આ બાળકોને તેમના પાત્રને માન અને આદર આપી પોતાની સાથે સ્થાન પર બિરાજીત કર્યા. બાળકોને પણ નીચે બેસવાં દીધાં નથી. પૂજ્યશ્રીની ભાવનાને ભક્તસમુદાય વંદન કરી રહયો છે.

હવે, ભાઈશ્રી મુંજાલ તથા રમેશભાઈએ મુંજાલ રચિત મંગલાષ્ટકનું ખૂબ સુંદર કંઠ સાથે ગાન કર્યુ. થોડીક ક્ષણો માટે તો સૌ કોઈને થયું કે, હવે હસ્તમેળાપ અને મંગળફેરા ... આખાય માહોલને લગ્નમય બનાવી દેવાની આ બન્ને ભાઈઓની કંઠસાધનાને અભિનંદન આપવાં જ રહયાં.

પૂજ્યશ્રીએ તો વિશ્વને પરિવાર બનાવ્યો છે. એકવાર એમના પિતાજીએ કહેલું કે, "દિકરા, તું ગોધરા છોડી અમદાવાદ જાય છે પણ ત્યાં તારૂં કોણ? અને પૂજ્યશ્રીએ કહેલું કે, "આખું વિશ્વ મારૂં છે". માતાજીના શિસ્તબધ્ધ સૈનિકના આ શબ્દો, ત્યારે કોઈ સમજી શક્યું નહીં પણ આજે ઠેકઠેકાણેથી પધારેલાં ભક્તો કહી ગયાં કે, આપ કોઈ એક પ્રાંતના, એક જાતિના, કે એક દેશના નથી. વિશ્વમંદિરમાં બિરાજમાન આપ તો સૃષ્ટિમાં સર્વ વ્યાપ્ત છો.

એક અંગ્રેજ દંપતિ હાથમાં ચાર દીવાઓ લઈને પ્રવેશ્યાં છે. "કમ સપ્ટેમ્બર" ની ધૂન સાથે અંગ્રેજી નૃત્ય છે. બંન્નેના હાથ એકબીજાની કમર પર વીંટળાયેલા છે અને મસ્તીથી ઝૂમતા ઝૂમતા આવીને પૂજ્યશ્રી અને કુસુમબાનું અભિવાદન કરી ગયાં. સૂટ-બૂટમાં સજ્જ આ દંપતિએ અભિવાદનનો પ્રારંભ કર્યો.

ભલે સૃષ્ટિને પોતાની નજરોમાં સમાવી લ્યે છતાંય આંખનો એક ખૂણો તો વતન દેખી હરખાય.ગુજરાતના આ પનોતા, દિવ્યપુત્રને અને સદા વંદનીય દિવ્યમાતાના અભિવાદન માટે હવે ગુજરાતી દંપતિ પધાર્યા. પૂર્ણ ગુજરાતી સાડી, માથે ઓઢીને મર્યાદા દર્શાવતી આ જોડી ભાવાવેશમાં મસ્ત હતી. ક્યારેક જબાનને બદલે આંખો ઘણું કહી જાય છે. એમને ભાવ હતો. ભલે દૂનિયામાં પૂજાવ, પણ ગુજરાતને અને ગુજરાતીઓને હૈયે રાખજો.

પૂજ્યશ્રીની કૃપાદ્રષ્ટિમાં આવેલ કોઈ વ્યક્તિ ખાલી ગઈ નથી. એક મુસ્લિમ મહાનુભાવે તેમની બીબી



Scanned by CamScanner

સાથે આવીને કૂટીરમાં ટોપી ઉતારી, નમાજ પ્રાર્થી અને કહયું કે "હો કે માયુસ તેરે ઘર સે ખાલી ન કોઈ ગયા" ત્યારે ભક્તોએ અતિ ઉન્માદ સાથે આ દંપતિને વધાવી લીધાં. ઈશ્વર અને અલ્લાહના ભેદ મીટાવી નાખતી પૂજ્યશ્રીની સેવાભાવનાને સૌ એ વંદન કર્યાં.

લગ્ન ગમે તેના હોય પણ મહેંદી તો મારવાડની.. "મારો પલ્લો લટકે"ના ગીત સાથે બે મારવાડી દંપતિના જોશ ભર્યા નૃત્યએ તો કુટીરના સૌને હચમચાવી દીધાં. નૃત્ય દ્વારા પૂજ્યશ્રીના અને મમ્મીજીના ચરણોમાં વારંવાર નમન કરતાં આ દંપતિની શ્રધ્ધા ભાવનાએ શ્રધ્ધા ચોકને ભીંજવી દીધો. સામાન્ય રીતે કંજૂસ ગણાતો મારવાડી, સ્વાર્થ છોડીને આ દિવ્ય દંપતિના ચરણોમાં જગ્યા શોધવાં આટલો ભાવાવેશમાં આવી જાય, એ દ્રશ્યથી સહુ કોઈ મુગ્ધ થઈ ગયાં. ખૂબ સ્મિત સાથે એમનો આદર થયો. પૂજ્યશ્રીએ અભિવાદન સ્વીકારીને આશીર્વાદ આપ્યા.

ખોદાયજીને સલામ ભરનારો, નિર્દોષ મજાક અને હાસ્યથી પ્રફુલ્લિત જીવન જીવનારો પારસી, બાવો પણ આજે આવી ચડયો છે. પેસ્તનજી એની પપીને લઈને ઉદ્‌વાડાથી આજના ઉત્સવમાં ભાગીદાર થવા આવ્યા છે. ખૂબ જ શિસ્તવાળા આ દંપતિએ ધીમે પગલે જઈને જ્યારે દિવ્ય યુગલના ચરણોમાં મસ્તક ઝૂકાવ્યું ત્યારે સૌ એ તેમને તાળીઓથી વધાવી લીધાં. ભક્ત સમૂદાયની વિસ્તરતી જતી સીમાઓથી સૌ પરિચિત થયાં.

કૃષ્ણને વહાલો ગોપ "અમે મહીંયારા રે" ગીતની સાથે ગોપ અને ભરવાડણ પધાર્યાં. લાંબી ડાંગ, ખભે મૂકીને કૃષ્ણમય ભરવાડના અઢી પગલાના નૃત્યથી, સહુ કોઈ પ્રભાવિત થઈ ગયાં. કૃષ્ણ પર પ્રથમ અધિકાર અમારો.. અમે તેને માખણ ખવડાવીએ.. નિર્દોષતાના પ્રતિક અને હેતભાવના આ નૃત્યથી બધાજ આનંદિત થયા. પૂજ્યશ્રીએ અને કુસુમબાએ તેમનું અભિવાદન સ્વીકારી આશીર્વાદ આપ્યાં.

આ દેશને વીરતા જ ખપે દરેક સ્ત્રી ઈચ્છે કે, પોતાનો પતિ વીર હોય.. આ દેશને જેણે વીર જવાનો આપ્યા છે ત્યાંથી આવેલ દંપતિમાં અજબ સ્ફૂર્તિ હતી. લૂંગી, બંડી, માથે ફેંટો, દાઢી અને અજબ જોમ.. ભાંગડા નૃત્ય કરતાં આ દંપતિ પધાર્યાં ત્યારે નૃત્યપ્રેમી પૂજ્યશ્રી પણ મનના ભાવોને રોકી ન શક્યા. પૂજ્યશ્રી પણ ભાંગડામાં જોડાયા અને પછી તો કેટલાંય ભક્તો, લગ્નમાં ક્યારેક બંન્ને વેવાઈ સાથે નાચીને આનંદ લે.. અહીં પણ અભિવાદન કરનારા અને ઝીલનારા બંન્નેએ ઉત્સવ મસ્તીનો આનંદ લીધો. ભક્તો પોતાની જગ્યાએથી ઝૂમ્યા. આખોય માહોલ જાણે કે, માંડવે પહોંચેલી જાનના રૂપમાં ફેરવાઈ ગયો. ગાયકવૃંદની કમાલની કળાએ સૌને આનંદવિભોર કરી દીધાં.

સાહિત્ય જેનો પ્રેમ, વિચક્ષણ બુધ્ધિ અને છતાંય દેશપ્રેમથી છવાયેલો પ્રદેશ એટલે બંગાળ.. સુંદર બંગાળી ધોતી, જેનો છેડો ઝભ્ભાના ખીસ્સામાં હોય, સ્ત્રીને પાછળ ચાવી લટકતી હોય. અને શાંત, સૌમ્ય, ધીરગંભીર આ દંપતિ, કોઈપણ જાતના ઉન્માદ વગર આવીને આ દિવ્યદંપતિને વંદન કરી ગયા.

પૂજ્યશ્રી અવારનવાર મુંબઈ જતાં હોય છે એટલે મહારાષ્ટ્રીયનો પણ તેમના પ્યારા થઈ ગયાં છે. "ડોલકારા દરિયા ચા રાજા " ગીતના તાલે, કાછોટા વાળી અને ઘુંઘટ કાઢેલી સ્ત્રીને ભાવમય, તાલમય નૃત્ય કરતી જોઈને સૌ કોઈ આનંદિત થઈ ગયાં. સાથે લેંઘો અને ખમીસ તથા માથે સાદી ટોપીમાં સજ્જપુરૂષ..સૌમ્ય લાગે..હ્રદયના ઝંકારને, સંગીત સાથે ભેળવીને આ દંપતિએ પણ દિવ્યયુગલના આજના દિને ઓવારણાં લીધાં.

"અય અય યૌ..ગુરૂજી હમારા હૈ.." લાંબી સફેદ ધોતીની લુંગી, કપાળ પર ત્રિપુંડ, હાથે-કાને ભસ્મ સાથે તામીલ દંપતિ પણ પધાર્યાં છે. સૌને કહેતાં જાય, ગુરૂજી હમારા હૈ.. હમ પરિણયદિનમેં આયો.. હમારા બહુત આનંદ હૈ.." પૂજ્યશ્રીએ એમનાં પ્રણામ સ્વીકાર્યા છે અને આશીર્વાદ આપ્યાં છે.

હવે લાલ પિતામ્બર અને લાંબો કોટ, ખભે લાંબો ખેસ, કપાળમાં તિલક અને ચારેય બાજુ શ્રીનાથજીના દર્શન કરતાં વૈષ્ણવ મહારાજ પત્ની સાથે પધાર્યાં છે. "મારા ઘટ ઘટમાં બિરાજતાં શ્રીનાથજી, ઠાકોરજી"ની ભાવવાહી પંક્તિઓ સાથે સારા ભક્તસમુદાયને વંદન કરતાં કરતાં તેઓ પણ દિવ્ય દંપતિને ચરણ સ્પર્શ કરી ગયાં.



Scanned by CamScanner

હવે ટોળું આવ્યું છે..કોઈ વેપારી છે, કોઈ મહારાજ છે તો ભણતા વિદ્યાર્થીઓ પણ છે. સૌને એક જ વિશ્વાસ છે કે, આ જ અમારી આશ છે. પરીક્ષા વખતે અનેક વિદ્યાર્થીઓ આવે છે તો આજે તેઓ પણ આવી ગયાં. અને પૂજ્યશ્રીના ચરણોમાં વિદ્યાદાન માટે પ્રાર્થના કરી ગયાં.

સંતો અનેક હોય, સંપ્રદાય અનેક હોય. છતાંય આખરે સૌ એક જ પરમાત્માના સંતાન છે. હવે બ્રહ્માકુમારી, સંન્યાસીની, સંત, પારસી ધર્મગુરૂ અને સ્વામીનારાયણના બાપજી, સહુ કોઈ નાચતાં નાચતાં પધાર્યાં છે. ક્રાંતિકારી સંતના શરણમાં સૌ સંતોને એક નવી આશાનું કિરણ દેખાય છે. સંસાર, છોડીને ભાગવાં કરતાં સંસારમાં રહીને સંત બનતાં સહુને શીખવું છે. તેઓ સૌ પણ આ સુવર્ણજયંતિના અધિકારી દંપતિને પ્રણામ કરી ગયાં.

ભક્ત સમુદાયના, અનેક પ્રાંતોના પ્રતિનિધિઓ, આ દિવ્ય દંપતિના જીવનના ઉજળા, પ્રેમાળ અને મીઠાશથી ભરપૂર ૪૯ વર્ષના પ્રતિક રૂપે કુલ ૪૯ દીપકોથી અભિવાદન કરી ગયાં. ૫૦ મા વર્ષની શરૂઆત પૂજ્યશ્રી તથા કુસુમબાએ મોટા ૫૦ મા દીપક પ્રગટાવીને કરી ત્યારે પુત્રો, પૌત્રો,પુત્રીઓ,સ્નેહીજનો, અને સ્વજનો તથા ભક્તજનોએ આ જોડી સો વર્ષ પણ ઉજવે એવી પ્રાર્થના કરી..અરે.. આ દાંમ્પત્ય અમર રહે એવી માતાજીને કાકલૂદી કરી..

હવે ફરીથી ગુરૂજી અને મમ્મીજીએ પાંચ મિનિટ માટે વિશ્રામ લીધો. પોતાની રૂમમાં જઈને પૂજ્યશ્રી પાછા પધાર્યાં ત્યારે આછા કેસરી રંગનો ઝભ્ભો તથા સુરવાલ પહેરેલાં છે. ગળામાં લાલ અને લીલા રંગના મોતીની માળા છે. મમ્મીજીએ લાલ વેણી નાખેલી છે. ભરત ભરેલા ઝભ્ભામાં પૂજ્યશ્રી અતિ મોહક લાગી રહયાં છે. હવે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર તથા પશ્ચિમી શૈલીને અનુરૂપ ઉજવણી માટે પ્રાર્થના થઈ છે. સામાન્ય રીતે દુરથી 'કેક' જ લાગે તેવી રીતે શુધ્ધ ઘીના શીરાને શણગારાયો છે. ઉપર સફેદ તથા લાલ લાઈનો દોરાયેલી છે. "પરિણય સુવર્ણજયંતિ મુબારક"ના લખાણવાળી આ "રસાસ્વાદ" ઉપર ત્રણ ગુલાબના ફુલો છે જે સુચવે છે કે, આ દંપતિના ત્રણેય સંતાનો આજે આનંદથી આ સુવર્ણજયંતિને વધાવે છે. તો પૂજ્યશ્રીના જીવનમાં ત્રણ યજ્ઞ છે. સંસારયજ્ઞ, કર્મયજ્ઞ અને સેવાયજ્ઞ. શણગારેલી છરી વડે "રસાસ્વાદ"ને કાપીને, આ દંપતિએ સુવર્ણજયંતિના વર્ષને વધાવી લીધું છે. બાળકો નાચ્યાં છે.

હવે શરૂ થઈ, ભક્તોની ભાવ-ઉર્મિઓ.

પ્રથમ નાન્દીસાહેબે, મહાકવિ કાલિદાસની પંક્તિઓ ટાંકીને રહયું કે, "જગતના માતાપિતાને નમસ્કાર". આપણામાં શિવવાણી અને શિવ અર્થ પ્રગટે એવી ભાવના કરી.. કવિ ભભૂતિને ટાંકીને તેમણે કહયું કે, પૂજ્યશ્રીએ અને કુસુમબાએ બધી જ અવસ્થાઓમાંથી પસાર થઈને પૂર્ણ દામ્પત્ય પ્રગટાવ્યું છે, તથા અનંત અને દિવ્ય રૂપે પ્રગટ્યાં છે એમને આપણે નમસ્કાર કરીએ છીએ.

ત્યારબાદ હેમંતભાઈએ કવિતાના માધ્યમથી સહજ રમુજ સાથે કહયું કે, "પરણતાં તો પરણી ગયાં... અનેક પંક્તિઓ દ્વારા પૂજ્યશ્રીના જીવનને તથા કાર્યને વણી લઈને આખરે કહયું કે,જેમ લગ્નમાં માત્ર આત્મીયજનોને બોલાવાય, એમ આજે આપની પરિણયદિનની સુવર્ણજયંતિમાં અમે આવ્યાં છીએ એટલે માતાજીની સાક્ષીએ "અમો આપના થઈ ગયાં ".

હવે ભાઈશ્રી મુંજાલે કાવ્ય દ્વારા એક જ પ્રાર્થના કરી કે "સદા રાખજો હાથ અમ બાળ માથે".. ભક્તોએ આ ભાવગીતને પૂર્ણપ્રેમથી વધાવી લીધું.

પૂજ્ય કુસુમબાને આશીર્વાદ માટે પ્રાર્થના કરતાં, તેઓએ પ્રથમ પૂજ્યશ્રીના આશીર્વાદની પ્રાર્થના કરી.. માથે હાથ મૂકાવતાં હોય એવા મનોભાવ સાથે એમણે કહયું કે, જાહેરમાં બોલવાનો આ પ્રથમ પ્રસંગ છે. હૃદયના ઊંડાણમાંથી નીકળતા એક એક શબ્દમાં તેમણે એટલું જ કહયું કે, "ભવોભવ આવા ભરથારને પ્રાપ્ત કરી શકું એવી મારી પ્રાર્થના" પોતાના સફળ દામ્પત્યની ચાવી બતાવતાં તેમણે કહયું કે, પતિના સ્વભાવને અનુકુળ થાય તો જીવનમાં ક્યાંય દુ:ખ રહે નહીં. મમ્મીજીના વક્તવ્યથી ભક્તોના હૃદય પતિપ્રેમની ભાવનાથી ભીંજાઈ ગયા અને સફળ દામ્પત્યના અધિકારીને મનોમન વંદન કરી રહયાં.



Scanned by CamScanner

હવે પૂજ્યશ્રીને પ્રાર્થના કરતાં આજે તેઓએ પ્રથમવાર સૌને "આત્મીયજનો" થી ઉદ્‌બોધન કર્યું છે. આ એક શબ્દના રણકારથી ભક્તવૃંદ નાચી ઉઠયું છે. જેમના ચરણોમાં સ્થાન પામવા આતુર છે તેમણે આજે આપણને પોતાના આત્મા સાથે લગાડી દીધાથી ભક્તો પાગલ બની ગયાં છે. ગૃહસ્થ જીવન અને સેવાજીવનને તેઓ કેવી રીતે દીપાવી રહયાં છે, વળી આ કાર્યમાં તેઓના કૂળ સંસ્કારે કેવી અગત્યની ભૂમિકા ભજવી છે તે તેમણે જણાવ્યું. જીવનમાં શિવ અને જીવ તત્વનો ભેદ પારખીને તેને સમતોલ રાખી શકો તો જ મહામાનવ બની શકો, તેમણે જણાવ્યું કે, હું અને મારો પરિવાર, આ પ્રસંગની ઉજવણીમાં ઉત્સાહ, આનંદ અને અંતરનો ભાવ જોઈને, અનુભવીને ભાવવિભોર થઈ રહયાં છીએ. પોતાના આધ્યાત્મિક દિવ્યજીવનને તથા માતાજીના સંકેતો અને આદેશોને સ્વીકારીને પણ ગૃહસ્થધર્મની અને સમાજની સઘળી જવાબદારી પૂરી નિષ્ઠાથી, આનંદથી ઉપાડી રહયો છું. બાળકોને તેમના ગૃહસ્થ જીવનમાં ગોઠવી, લીલીવાડીને વસાવવામાં, વિકસાવવામાં યોગદાન આપી રહયો છું, ફરજ નિભાવી રહયો છુ. અને સંસાર સાગરમાં મારી જીવનનાવનું સૂકાન, પરમશક્તિ મા ભગવતીએ સંભાળ્યું છે.

પૂજ્યશ્રીની અમૃતવાણી સાંભળી સહુ ભક્તો પૂજ્યશ્રીને એક જ પ્રાર્થના કરી રહયાં કે, "અમો તો મા ભગવતીને જોયાં નથી, અનુભવ્યા નથી પણ અમારા સંસાર સાગરની નાવનું સુકાન પ્રભૂ આપ સંભાળી લ્યો.

હવે શરૂ થયો, પૂજ્યશ્રીને પ્રિય એવા જૂના ફિલ્મીગીતોનો દોર... (૧) બહારોં ફુલ બરસાવો, મેરા મહેબુબ આયા હૈ.... આજા સનમ મધુર ચાંદનીમેં હમ... આ ગીત પૂજ્યશ્રીએ પણ ગાયું અને કુસુમબા તરફ નિર્દેશ કરીને કહયું "ધરતી પર લે આઉં મૈં" અને અચાનક પૂજ્યશ્રીના મસ્તક ઉપર લટકાવેલાં કરંડિયામાંથી થર્મોકોલના 'બોલ્સ'ની વર્ષા થઈ. બીજા પણ અનેક ગીતો સાથે જ્યારે ઘડીયાળે ૯-૪૦ નો સમય બતાવ્યો ત્યારે ઉત્સવની પૂર્ણાહૂતિ અચાનક ચાલી ગયેલ વીજળીથી થઈ, છતાંય ભક્તોએ શિસ્તપૂર્વક મંત્રજાપ અને આરતી કર્યા.

સેવ-ઉસળ અને મોહનથાળનો પ્રસાદ ઈમરજન્સી લાઈટ તથા મોટરની હેડલાઈટમાં લઈને સહુ વિદાય થયાં ત્યારે સહુને જીવનમાં દામ્પત્યની સફળતાની કરામત જાણ્યાનો સંતોષ હતો. એકબીજાને અનુકુળ થવાની ભાવના, સ્વભાવને સમજવો અને પોતાના જીવનમાં આનંદ સાથે ગોઠવી લ્યો તો જીવનમાં હંમેશા મીઠાશ જ રહે. પૂજ્યશ્રીના સફળ દામ્પત્યજીવનમાંથી કાંઈક પ્રાપ્ત કરવામાં પણ પૂજ્યશ્રીના આશીર્વાદ આપણી સાથે રહે તેવી પ્રાર્થના.

ૐ મા ૐ

## "મીઠાશને માણવાનો જ અભિગમ મેં સ્વીકાર્યો છે."

તા. ૨-૫-૯૯ પૂ. રાજયોગી નરેન્દ્રજી

**વ્હાલા આત્મિયજનો,**

આપ સર્વેનો ભાવ મને ભીંજવી જાય છે. મારૂં ગૃહસ્થ જીવન અર્ધ શતકના આરે આવી પહોંચ્યું અને સેવા જીવન અઢી દાયકામાં પ્રવેશી રહયું છે. ગૃહસ્થ અને માનવ સેવા જીવન હું માતાજીના આશીર્વાદથી પૂરી નિષ્ઠાથી, સંતોષથી નિભાવી રહયો છું.

મનુષ્ય જીવન અંગેની મારી ફીલોસોફી આ પ્રમાણે છે. મનુષ્યનું જીવન બે તત્વો સાથે જોડાયેલું છે. એક શિવતત્વ, બીજું જીવતત્વ. શિવતત્વ એ મનુષ્યના આધ્યાત્મિક જીવનનું એક પાસું છે. જીવતત્વ એ મનુષ્યના ભૌતિક, સાંસારિક, દુન્વયી જીવનનું બીજું પાસું છે. જે મનુષ્ય આ બંને પલ્લાને સ્થિર રાખી શકે, સમતોલ રાખી શકે તે મનુષ્ય મહામાનવ બની શકે.



Scanned by CamScanner

સૃષ્ટિમાં જીવનું મનુષ્યદેહે, અવતરણ થયા પહેલાં જીવતત્વનું શિવતત્વ સાથે ઘનિષ્ટ જોડાણ હોય છે. પ્રારબ્ધ કર્માનુસાર મનુષ્ય સાત્વિક, રાજસિક, કે તામસિક અથવા તો ત્રણેયના વધતા ઓછા પ્રમાણ સાથે જ લઈને જન્મે છે. વાતાવરણની અસર આ સંસ્કારોમાં વધઘટ કે નિર્મૂલન કરી શકે છે.

પરમશક્તિના સંકેત અનુસાર દવેકુળના ધાર્મિક, સંસ્કારી માતાપિતાનું વાત્સલ્ય મેળવી જીવનની શુભ શરૂઆત કરી યૌવનના પ્રાંગણમા પ્રવેશતાંની સાથે જ તા. ૫-૫-૫૦ના દિવસે પરિણય જીવનમાં પ્રવેશ કરાવી માતાપિતાએ સંતોષ અનુભવ્યો. લગ્ન પહેલાં અમે એકબીજાને જોયા જ ન હતાં. છતાંય અમે ગોઠવાઈ ગયા છીએ. અનુકૂળ થઈ ગયાં છીએ. અને સંસારને, ગૃહસ્થજીવનને સફળ બનાવી રહયાં છીએ. આ વર્ષે પાંચમી મે ૧૯૯૯ ના દિવસે અમારા ગ્રાહસ્થ્યને પચાસમાં વર્ષમાં પ્રવેશવાનો સુઅવસર પ્રાપ્ત થશે, એક આપે તો આજે બીજી મે ૧૯૯૯ ત્રણ દિવસ વહેલો આ અવસર ઉજવી દીધો. મારો પરિવાર અને હું આ પ્રસગની ઉજવણીમાં ઉત્સાહ, આનંદ અને અંતરનો ભાવ જોઈને, અનુભવીને ભાવવિભોર થઈ રહ્યા છીએ.

પરમશક્તિ મા ભગવતીએ મારામાં શિવતત્વને જાગૃત કરી, કાર્યાન્વિત કરી, માનવસેવાના કાર્યયજ્ઞમા મને જોડવાનો સંકેત, ૧૯૭૫માં શિવરાત્રીના દિવસે અગોચર રૂપે આપ્યો. માતાજીની પ્રત્યક્ષ અને પરોક્ષ હાજરી ઘરમાં વરતાવા લાગી. ૧૯૭૬માં સપ્ટેમ્બરની છઠ્ઠી તારીખે મારા જીવનના ચુવાળીસમા વર્ષે માતાજીએ સદેહે દર્શન આપી સાક્ષાત્કાર કરાવ્યો, અને સેવાયજ્ઞની પૂર્વે આશીર્વાદ આપી, સંસાર પ્રત્યેની જવાબદારીમાં હૈયાધારણ આપી મને પ્રોત્સાહિત કર્યો. અને તે જ દિવસે સેવાયજ્ઞના શ્રી ગણેશ મંડાયા. માતાજીની પ્રેરણાથી મારા ભૌતિકજીવનના માતાપિતા, પત્ની, બાળકોનો સેવાયજ્ઞમાં સાથ સહકાર સાંપડ્યો.

શ્રી કૈલાસબેન, આપણાં સહુના બ્હેનજીનો સેવાયજ્ઞમાં સાથ, સહકાર, સૂઝ, સમજ અને સમર્પણ સાંપડ્યાં. ગૃહસ્થીની સાથે સાથે આમ સેવાર્થી બની શકાયું. અને ગ્રાહસ્થ્ય અને આધ્યાત્મિકતાનો સમન્વય સુપેરે સાધી શકાયો.

ગૃહસ્થધર્મની અને સમાજની સઘળી જવાબદારી પૂરી નિષ્ઠાથી, આનંદથી ઉપાડી રહયો છું. બાળકોને તેમના ગૃહસ્થ જીવનમાં ગોઠવી લીલીવાડીને વસાવવામાં, વિકસાવવામા યોગદાન આપી રહયો છું. ફરજ નિભાવી રહયો છું.

**સંસાર સાગરમાં મારી જીવન નાવનું સુકાન પરમશક્તિ મા ભગવતીએ સંભાળ્યું છે. સાત્વિકતાથી, સહજતાથી જીવન નાવ ચાલી રહી છે, તેથી જીવનમાં કંઈ જ પ્રતિકૂળતા અનુભવાતી નથી, બાકી ગ્રાહસ્થ્યની, સમાજની ખાટી મીઠી તો ઘણી જ આવે પરંતુ મીઠાશને જ માણવાનો અભિગમ મેં સ્વીકાર્યો છે.**

આપ સર્વેના અંતરમાં મને ભાવભર્યું સ્થાન આપી, નિ:સ્વાર્થ પ્રેમથી આપ મને ભીંજવી રહયાં છો તે જ મારા જીવનની સફળતા હું સમજું છું.

આપ સર્વે મારી આધ્યાત્મિક વાડીના મધમધતાં ફુલ છો. મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ



Scanned by CamScanner

# સંભવામિ યુગે યુગે

શ્રધ્ધા કુટીરમાં જન્માષ્ટમીનો પ્રસંગ ઉજવવા અને પૂજ્ય ગુરૂદેવની અમૃતવાણીનું રસપાન કરવા ભાવિક ભક્ત મહેરામણ ઉમટ્યો હતો. આજે શ્રધ્ધાના આંગણામાં ગોકુળનો માહોલ વર્તાતો હતો. રાજયોગીજી કેસરીકેડીયા ધોતીમાં બહુ સુંદર લાગતા હતા. ગોપબાળકોથી વીંટળાયેલા કનૈયાની જેમ રાજયોગીજી હીંચકા પર નાના નાના બાળકોથી વીંટળાઈ ગયા હતા. રાસ રમતા, ગરબે ઘૂમતા રાજયોગીજીએ ભક્તોને વૃંદાવનને બંસીબટના ચોકમાં રમાતા રાસની રસલ્હાણ કરવા :

ગીતામાં શ્રીકૃષ્ણે આપેલ વચન "સંભવામિ યુગે યુગે" ના સંદર્ભમાં જણાવ્યું કે, અર્વાચીન યુગમાં ષડાસુરો, અને અનૈતિક મૂલ્યોથી જર્જરિત થઈ ગયેલ સૃષ્ટિના નવનિર્માણ માટે પરમાત્મા અવતરણ કરશે : આ નવનિર્માણ પામતી સૃષ્ટિમાં સુસંસ્કારી, સાત્વિક જીવાત્માઓ તરીકે પરમાત્માનું સાનિધ્ય પામવું હોય તો આજે દ્રઢ સંકલ્પ કરો અને પાયાની જરૂરિયાત મુજબ જીતેન્દ્રિય બનો.

# સંભવામિ યુગે યુગે

તા. ૩-૯-૯૯ પૂ. રાજયોગીજી

આજે જન્માષ્ટમી છે. દ્વાપરયુગમાં મથુરાના કારાગૃહમાં પ્રગટ થઈ, ગોકુળમાં ગોપબાળ અને દ્વારિકાના રાજા બનેલા શ્રી કૃષ્ણ યુગ પુરૂષ બની ભાવિકોના હૃદયસિંહાસને સદાય બિરાજીત રહ્યા છે.

શ્રીકૃષ્ણનો આજે પ્રાગટ્ય દિવસ છે. ધાર્મિક ઉત્સવ કે પર્વ ઉજવવા આજે રજા પાળવામાં આવે છે. વ્યક્તિગત ઈચ્છા પ્રમાણે લોકો આજની રજા માણે છે, વ્યતિત કરે છે. મંદિરોમાં કૃષ્ણજન્મના આનંદનું પુનરાવર્તન કરી, નંદઉત્સવ ઉજવી પર્વની પૂર્ણાહૂતિ કરે છે.

**મારા મંતવ્ય મુજબ આ આધ્યાત્મિક પર્વની ઉજવણીનું હાર્દ ત્યારે જ સાર્થક બને જ્યારે શ્રીકૃષ્ણના આદર્શો,આદેશો અને વ્યક્તિત્વને આપણા જીવનમાં અપનાવીએ, વહાવીએ.** શ્રીકૃષ્ણે ગીતા દ્વારા વહેતી કરેલી જ્ઞાનગંગાનું પાન કરીએ, જીવનની ક્ષણેક્ષણમાં વણી લઈએ, શરીરના રોમેરોમમાં આંદોલિત કરીએ અને જીવનને ઉર્ધ્વગામી બનાવીએ તો જ આપણે સાચા અર્થમાં કૃષ્ણ જયંતિ ઉજવી ગણાય. આજની રજાનો દિવસ સત્સંગ, ઘનિષ્ઠ ઉપાસના અને જીવનને ઉર્ધ્વગામી બનાવવાનો ઉત્સવ બનવો જોઈએ.

શ્રીકૃષ્ણે માનવજાતને હૈયાધારણ આપી છે કે, "સંભવામિ યુગે યુગે."

"દરેક યુગમાં હું અવતાર ધારણ કરી, દરેક યુગમાં હું પ્રગટ થઈશ."

ત્રેતાયુગમાં રાવણ આદિ અસુરોના સંહાર અર્થે રામજી સ્વરૂપે પરમાત્માએ અવતરણ કર્યું હતું. દ્વાપરયુગમાં કંસ આદિ અસુરોના સંહાર અર્થે કાનજી સ્વરૂપે પરમાત્માએ અવતરણ કર્યું હતું. **કલિયુગમાં ષડ્‌સુરો -(કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા)ના સંહાર અને કુસંસ્કારો, અધર્મ અને અનૈતિક મૂલ્યોથી જર્જરિત થઈ ગયેલી પૃથ્વીના નવસર્જન માટે પરમાત્મા અવતરણ કરશે.**

નવનિર્માણ થનારી સૃષ્ટિમાં સુસંસ્કારી જીવાત્માઓ તરીકે પરમાત્માનું સાનિધ્ય પામવું હોય તો, આપણે આ ક્ષણેથી જ દ્રઢ સંકલ્પ કરી કટિબધ્ધ થઈ જવું જોઈએ. સુસંસ્કારી, ધાર્મિક, નૈતિક જીવન



Scanned by CamScanner

જીવવા માટેના સાત્વિક ઉપાયો-અભિગમો અપનાવવા જોઈએ.

સાંપ્રત સમયમાં સાત્વિક જીવન શૈલિ માટે પાયાની જરૂરિયાત છે **ઈન્દ્રિય નિગ્રહ**. આપણી ઈન્દ્રિયો ઉપર આપણો સંપૂર્ણ કાબુ હોવો જોઈએ. આપણી ઈન્દ્રિયને વશવર્તીને, આધીન રહીને જ કાર્ય કરતી હોવી જોઈએ. તમે તમારી જાત પર, તમારા મન પર કાબુ મેળવી શકતા હો તો જ તમે જગતને જીતી શકો. ઈન્દ્રિય નિગ્રહ અતિ આવશ્યક છે. આપણા બાળકો અને કુટુંબ પરિવારમાં પણ ઈન્દ્રિય નિગ્રહ અંગે સભાનતા કેળવવાની જરૂર છે. માનસિક, શારિરીક અને સામાજીક પીડાઓ અટકાવવા માટે ઈન્દ્રિય નિગ્રહ પાયાની જરૂરિયાત છે.

મનોરંજનના, એશઆરામના, ક્ષણિક સુખોપભોગના અશ્લિલ સાધનો, પ્રદર્શનો નબળા મનના મનુષ્યની ઈન્દ્રિયોને બહેકાવે છે, બેકાબુ બનાવી, કુમાર્ગે વાળે છે.અને તેનામાં રહેલી સુષુપ્ત વૃતિઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર(ઈર્ષ્યા)ને જાગૃત કરી અનિયંત્રિત કરે છે અને અંતે આધિ,વ્યાધિ,ઉપાધિના વમળમાં ફસાઈને દુ:ખ, દુર્ગતિને નોતરે છે.

જીતેન્દ્રિય બનવાનો દ્રઢ સંકલ્પ જ મનુષ્યનું મનોબળ મજબુત બનાવી શકે, અને સારાસારનો વિચાર કરવાની બુધ્ધિ ખીલવી શકે. દ્રઢ મનોબળ દ્વારા જ વ્યક્તિ ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખી શકે, ઉર્ધ્વગામી બનાવી શકે.

**જીતેન્દ્રિય બનવા માટે આપણે શું કરવું જોઈએ ?**

૧. દ્રઢ સંકલ્પ કરી તે સંકલ્પને વળગી રહેવું જોઈએ. કોઈપણ સંજોગોમાં તેમાં બાંધછોડ કરવી જોઈએ નહિં.ઈન્દ્રિય સુખને ઉત્તેજીત કરે તેવા પરિબળોનો ત્યાગ કરવો જોઈએ, તેનાથી દૂર રહેવું જોઈએ.

૨. દ્રઢ-મજબૂત મનોબળ કેળવવું જોઈએ.મનને તરંગોના વમળમાં અટવાતું અટકાવવા માટે મનની એકાગ્રતા અતિ અનિવાર્ય છે. નિયમિત ધ્યાન દ્વારા મનની એકાગ્રતા લાવી શકાય છે. મનને અંતરાત્મા સાથે જોડવાથી અંતરાત્માના અનુસરણમાં લાવી શકાશે. મનને અંતરાત્મા સાથે જોડવા માટે સાત્વિક વાંચન, મનન,ચિંતન ઉપાસનાનો રાહ અપનાવવો જોઈએ.

૩. સત્સંગની પાવન સરિતામાં સદાય સ્નાન કરતા રહેવું. સાત્વિક પુસ્તકોનું વાંચન, સંત સમાગમ, સદ્ગુરૂનું શરણ માણસને આધ્યાત્મિક સ્વાસ્થ્ય પુરૂં પાડે છે, સત્સંગને આધ્યાત્મિક સ્વાસ્થ્ય કેન્દ્ર કહી શકાય. ઈન્દ્રિયોને સાત્વિક માર્ગે વાળવાનો,નિયંત્રણમાં રાખવાનો આ એક રામબાણ ઈલાજ છે. સાત્વિક વિચારોનું સિંચન થતા અસાત્વિક દુર્વૃત્તિઓનું આપોઆપ નિંદણ થઈ જશે.

૪. ઈષ્ટદેવનું સતત સ્મરણ, મંત્રજાપ, પ્રાર્થના, ભજન, ભક્તિભાવથી સમસ્ત અસ્તિત્વમાં અને વ્યક્તિત્વમાં સાત્વિકતાનું આવરણ વ્યાપી જશે. ષડ્વૃત્તિઓ આપોઆપ જ સાત્વિક માર્ગે વળતાં નિયંત્રણમાં રહેવા લાગશે.

૫. સાત્વિક પુરૂષાર્થની આવશ્યકતા જીવનની પ્રત્યેક ક્ષણે જરૂરી છે. પ્રમાદ કે આળસનો સહેજ પણ સંચાર થાય તો ગઢમાં ગાબડું પડે. ઈન્દ્રિયો પર વિજય મેળવવા માટે અને મેળવ્યા પછી પણ સતત સજાગપણું, આવશ્યક છે. શરીરના કોઈપણ દરવાજેથી દુર્વૃત્તિનો શત્રુ પ્રવેશ કરે નહિ તેના માટે પરમાત્માની પ્રાર્થના-નામસ્મરણનું રક્ષા કવચ સતત રાખવું જોઈએ.



Scanned by CamScanner

# રામમન વાળા જ થઇશું.

**મા ગાયત્રીના વ્હાલા બાળકો,** **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

આજે સૂર્યવંશી રામચંદ્રજીનો જન્મદિવસ છે. સ્થૂળ ઉપસ્થિતિ અથવા હયાતિ ન હોય છતાંય જેનો જન્મદિવસ યુગોપર્યંત ઉજવાતો રહે, લોકહૃદયમાં જે આરૂઢ થઈ ગઈ હોય તેવી અમર વ્યક્તિ સંત, અંશાવતારી કે અવતારી મહાપુરૂષ જ હોય કે જેના રોમેરોમમાં પરમતત્વ હંમેશા વિલસી રહ્યું હોય.

રામચંદ્રજી તેમના યુગમાં એક લોકલાડીલા રાજકુમાર, રાજા હતા. પરમના અંશની પહેચાન તે સમયના લોકોને ન હતી. રામજીનો યુગ ત્રેતાયુગ હતો તેથી સાત્વિકતાનો પ્રભાવ ત્રણ ભાગે હતો. અને અસાત્વિકતા આસુરી વૃતિનો વ્યાપ એક ભાગ હતો.

મંથરા, ધોબી, રાવણ જેવાં આસુરી તત્વો સામે રામજીએ ઝઝુમવું પડયું, સહન કરવું પડયું.

**મંથરા એટલે રાગ, દ્વેષ, ઈર્ષ્યા અને કૂડકપટથી ભરેલું મન.**

**ધોબી એટલે નિંદાખોરી અને અસહિષ્ણુ મન.**

**રાવણ એટલે કામી અને અહંકારી મન.**

**રામ એટલે સાત્વિક અને દૈવી ગુણોથી સભર મન.**

સાંપ્રત સમયમાં રામ મન ધરાવતો સમાજ વિશ્વમાં એક જ ભાગમાં વ્યાપ્ત છે જ્યારે મંથરા, ધોબી અને રાવણ મન ધરાવતો સમાજ વિશ્વમાં ત્રણભાગમાં વ્યાપ્ત છે. એટલા માટે તો સ્વાર્થયુક્ત સબંધો અને સગપણ નિભાવાઈ રહયાં છે. અવિશ્વાસનું વાતાવરણ સર્વત્ર વર્તાય છે. પિતા-પુત્ર, પતિ-પત્નિ, ભાઈ-ભાઈ, મિત્ર-મિત્ર વિગેરેમાં અશાંતિ, ઉચાટ, અસલામતિ અને દુવૃતિઓ, સ્વાર્થ અને અહમનું વાતાવરણ દ્રષ્યમાન થાય છે, અનુભવાય છે. માન મર્યાદાનો લોપ થઈ ગયો છે. કામ,ક્રોધ,લોભ,મોહ,મદ,મત્સર યુક્ત મનવાળા માનવીઓ વધતા જાય છે અને પૃથ્વી પર અસાત્વિકતાનું, પાપનું ભારણ વધારી રહયાં છે.

આવા મંથરા,ધોબી અને રાવણ મનને કેવી રીતે બદલી શકાય? કેવી રીતે પરિવર્તિત કરી શકાય? આવા મેલા મનને કેવી રીતે ધોઈ શકાય ?

બાહ્ય મલિનતા ધોવા માટે શુધ્ધ જળ અને સાબુની જરૂર પડે, સુગંધિત અને તાજગીભર્યું બનાવવા માટે સુગંધિત, પ્રસાધન જોઈએ, જે સ્નાન કરી શરીરની બહારનો, ચામડી પરનો મેલ ધોઈ શકાય અને તાજગી અનુભવી શકાય, પરંતુ શરીરની ભીતરની મનની મલિનતા કેવી રીતે સાફ કરી શકાય ? ધોઈ શકાય ?

**મનની મલિનતા ધોવાનો અને અંતરને અજવાળવાનો એક માત્ર દ્રઢ સંકલ્પ થઈ જાય અને તે દ્રઢ સંકલ્પની પરિપૂર્તિ અર્થે જો સાત્વિક પુરૂષાર્થ કરવામાં આવે તો મેલા મનના મેલને ધોઈ શકાય.**

**સત્સંગ, સંતસમાગમ, સદ્‌ગુરૂનું શરણ મનના મેલના થરને ધોવા માટેનું નિર્મળ, શીતળ વારિ છે. ધ્યાન, મંત્રજાપ, નામસ્મરણ, ઉપાસનાથી મનના વિચારો, તરગોન અકુશમાં લાવી શકાય છે.**

વાલિયા લૂંટારાને નારદમુનિનો સમાગમ-સંતસમાગમ થયો. રામનામનો મંત્રજાપ મળ્યો અને તેનું મેલું મન ધોવાઈ ગયું, પવિત્ર થઈ ગયું અને વાલ્મિકીઋષિ બની ગયા, આત્મિક શક્તિઓ જાગૃત થઈ ગઈ.



Scanned by CamScanner

આજના યુગમાં સમાજ અને કુટુંબની મોટાભાગની વ્યક્તિઓ ક્યારેક ક્યારેક મંથરા, ધોબી અને રાવણ મનને વશ થઈ જાય છે. સતત જાગૃતિ, મંત્રજાપ, નામસ્મરણ અને ઈષ્ટનું, સદ્ગુરૂનું શરણ તમારા આવા મનના વલણને બ્રેક મારશે, મ્હાત કરશે અને સાત્વિકતા તરફ વાળશે.

આજના રામજન્મ દિવસે સહુ સંકલ્પ કરો કે, મંથરા, ધોબી કે રાવણ મનને મ્હાત કરીને રામ મન વાળા જ થઈશું.

**મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

**ૐ મા ૐ**

# સહજ ઉપાસનાના ઉદ્ગાતા

ક્રમશઃ ૭ **ડો. તપસ્વી નાન્દી**

શ્રીમદ્‌ભગવતગીતામાં શ્રીકૃષ્ણ જણાવે છે કે, - **ચતુર્વિધા ભજન્તે નામ** - ચાર પ્રકારના ભક્તો મારા તરફ વળે છે.- **આર્તો, જિજ્ઞાસુ અર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ** - એક છે આર્ત, દીન દુઃખી- પૂજ્યશ્રીએ જે નવ જીવનસુત્રો મા ગાયત્રીનાં વ્હાલાં બાળકોને આપ્યાં છે તેમાં દીન-દુખિયાંનાં આંસું લુછવા માટે ખૂબ આગ્રહપૂર્વક જણાવ્યું છે. તો ભગવાન આર્તનાદથી પ્રેરાઈને દુખિયાંનાં દુઃખ દુર કરવા દોડી જાય છે એ નિર્વિવાદ છે. બીજો ભક્ત જે 'જિજ્ઞાસુ' - જાણવાની ઈચ્છાવાળો, બૌધ્ધિક કહી શકાય તેવો.એને પરમતત્વનો સ્વભાવ જાણવાની તાલાવેલી છે - **તં વિદ્દિધ પ્રણિપાતેન, પરિપ્રશ્નેન, સેવયા** - ગુરૂને નમસ્કાર કરી, પ્રશ્નો પૂછી, એમની સેવા કરી એ ગૂઢ રહસ્યો જાણવા માંગે છે. ત્રીજો પ્રકાર તે સામાન્ય સંસારીનો, 'અર્થાર્થી' - અર્થ એટલે કે કેવળ ધન જ નહિ પણ કોઈ પણ અભિપ્રેત અર્થ-યશ, માન, ધન, પદ, સત્તા, વૈભવ, સંતતિ, આરોગ્ય, ઐશ્વર્ય.- બધું જ. જેની કામના દિવસ રાત તેને સતાવે છે, જેના નિવારણ માટે તે દિવસ રાત સંકલ્પો કરે છે, પરિશ્રમ કરે છે, જે મળવાથી તેને સુખ થાય છે, ન મળવાથી તેને દુઃખ થાય છે, મિત્રને મળવાથી તે રાજી થાય છે,શત્રુને મળવાથી દુઃખી થાય છે - એ બધું 'અર્થ' છે. **અર્થ્યતે ઈતિ અર્થ:** - ટૂંકમાં જેની કામના કરવામા આવે છે તે થયો અર્થ. સામાન્ય અથવા પોતાની શક્તિ બહારના અસામાન્ય ઉપાયો પણ જ્યારે કારગત નીવડતા નથી ત્યારે અર્થસિધ્ધિ માટે એ ઉપાસના, પ્રભૂશરણ તરફ વળે છે તે થયો અર્થાર્થી. અને ચોથો ભક્ત તે 'જ્ઞાની'. **તેષાં સતતયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્** એ ચારેયના યોગક્ષેમની વ્યવસ્થા તો પરમતત્વ વગર માંગે સંભાળી લે છે પણ આ ચારેયમાં '**જ્ઞાની ભક્ત: સ મે પ્રિય:** જ્ઞાની ભક્ત ભગવાનને પ્રિય છે કેમ કે એ ઉપાસના પ્રભૂપ્રિત્યર્થે નિઃસ્વાર્થ ભાવે, સમર્પણના ભાવથી નર્યા ભક્તિના ઉમળકાથી કરે છે.

પૂજ્યશ્રીએ આ જ વાત કહી છે અને ૯ ડીસે. '૯૪, શુક્રવારે સાંજે શ્રધ્ધામાં તેમણે એ જ કહ્યું કે, 'વિચાર, વચન અને વર્તનથી સમર્પણ કરીએ એ થયું શુધ્ધ સમર્પણ ! સહજ ઉપાસનામાં આ નિઃસ્વાર્થ સમર્પણ અને Total સંપૂર્ણ શરણાગતિ એ જ વ્યાવર્તક લક્ષણ બની રહે છે. મન, વાણી અને કર્મથી પૂજ્યશ્રીએ બીજા શબ્દોમાં કહ્યું તેમ વિચાર - જેમાં મન પ્રવર્તે છે, વચન અથવા વાણી તે વાગિન્દ્રિયનો વિષય, અને વર્તન અથવા કર્મ તે બાહ્યેન્દ્રિયસાધ્ય વિગત. વ્યક્તિએ આ ત્રણેયમાં સમર્પણભાવ કેળવવાનો



Scanned by CamScanner

છે. શરત આકરી છે. કેમકે, કર્મ ઉપર સંયમ કેળવીને સ્થૂળ દ્રષ્ટિએ વ્યક્તિ એક આભાસ ઊભો કરી શકે. કેટલાય અસામાજીક તત્વો અને તેવા જ નેતાઓ બહારથી વિનય, વિવેક, ભદ્ર વર્તન દાખવતા હોય છે. પદે પદે મહાત્માગાંધીનું નામ-સ્મરણ કરતા હોય છે પણ વાસ્તવમાં તે દંભનો અંચળો ઓઢેલો હોય છે. એ લોકો ધૂતારા, પ્રજાનું રક્તપાન કરનારા, ભોળાને ગરદન મારનારા, પાપાચારી દાંભિકો હોય છે. તેમના બાહ્ય વર્તન અને આભ્યંતર વચ્ચે કોઈ મેળ નથી હોતો. તેમનો બાહ્ય સંયમ એ કપટલીલાનો પ્રકાર, એક ચાલબાજી હોય છે. પણ સ્થૂળ રીતે તેઓ કર્મસન્યાસ બતાવી શકે છે. એની સરખામણીમાં વાણીસંયમ વધુ કપરો છે. વાસ્તવમાં વિચાર, વચન, અને વર્તનમાં પૂર્વપૂર્વબલિયસ્ત્વ છે. અર્થાત વિચાર સહુથી બળવાન છે. તે પછી વચન આવે અને તે પછી વર્તન ગોઠવાય છે. વર્તનનો સંયમ દુરાચારી ગાદીપતિઓ પણ મંદિરોમાં આચરી શકે છે પણ વાણીસંયમ થોડો વધુ કષ્ટસાધ્ય છે. તેથી ય આગળ ચિત્તશુધ્ધિ રહેલી છે.

ત્યારે આ વિચાર, વાણી અને વર્તન અથવા મન, વચન, અને કર્મનું શુધ્ધ સમર્પણ કઈ રીતે શક્ય બને? પૂજ્યશ્રી સૂચવે છે કે, તે વિગતોના સ્વભાવમાં રૂપાન્તર સાધવું જરૂરી છે. કર્મનું રૂપાન્તર સહુ પ્રથમ હાથ ધરવાનું, અને એ શક્ય બને માત્ર નિ:સ્વાર્થતાથી, કર્મમાત્રને 'યજ્ઞ' રૂપે રૂપાન્તરિત કરવાથી. પૂજ્યશ્રીએ શ્રીમદ્ભગવતગીતાના બોધનો સાર અહીં પ્રગટ કર્યો છે. પ્રત્યેક કર્મ 'યજ્ઞ' ની ભાવનાથી કરવું. નિષ્કામ રીતે કરાયેલું પ્રત્યેક કર્મ 'યજ્ઞ' બની રહે છે. શ્રીમદ્ભગવત્ગીતાની યજ્ઞભાવનાના સંદર્ભમાં પૂજ્યશ્રીનો સંદેશ આપણે થોડા વિસ્તારથી વિચારીશું.

## કુટીર છે સંસ્કાર સાગર...

હેમંત ઉપાધ્યાય ૫-૭-૯૯

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનું નિવાસસ્થાન, "શ્રધ્ધા" બંગલાનો ચોક સમી સાંજથી એક કુટીરનું રૂપ ધારણ કરે છે. પૂજ્યશ્રી ઝૂલાસને બિરાજમાન હોય, ઝૂલાની ડાબી બાજુ, સેવાકાર્યના વ્યવસ્થાપક પૂ. બ્હેનજીનું આસન, તેમની નજીક બાજઠ પર બિરાજમાન સદૈવ સક્રિય સેવક પૂ. ઉષાબ્હેનજી, પાછળ, આદરણીય મમ્મીજી હોય, પૂજ્યશ્રીની જમણી બાજુ ભાઈઓ અને ડાબી બાજુ બ્હેનો બેઠાં હોય અને સમાજની, સંસ્કારની, આધ્યાત્મની, જીવન ઘડતરની વગેરે ચર્ચાઓથી સત્સંગ શોભતો હોય.

કુટીરનું આ સામાન્ય સ્વરૂપ, સામાજીક દ્રષ્ટિએ ભલે પૂજ્યશ્રીનું સાનિધ્ય, કે સત્સંગ ગણાતો હોય પણ આ કુટીરના માધ્યમથી પૂજ્યશ્રી ભક્તોને, સંસ્કાર શાસ્ત્રનું પઠન કરવતાં હોય છે.

પ્રથમ છે વિનય.. કુટીરમાં આવનાર દરેક ભક્ત, મંદિરના દર્શન પછી, પૂજ્યશ્રીના ચરણ સ્પર્શ કરે, એ તો શ્રધ્ધાનું પ્રતિબિંબ કહેવાય પણ પછી બ્હેનજી, ઉષાબ્હેન અને મમ્મીજીને પગે લાગે તે વિનય છે. આ પ્રણામ પૂજ્યશ્રીના સેવાયજ્ઞના, સહકાર, સમજશક્તિ, ત્યાગ અને સેવાને છે. આ બતાવે છે કે, વિનયથી માત્ર વિદ્યા જ શોભતી નથી પણ વિનયથી દુ:ખી, દર્દી અને રોગીઓ માટેના સેવાયજ્ઞનું એકેએક અંગ પ્રભાવશાળી અને આદરણીય બને છે.

બીજો છે વિવેક.. આ કુટીરમાં આવનાર દરેક ભક્ત વિવેકની મર્યાદામાં રહે છે. સમાજમાં ગમે તે સ્થાન ભોગવતો ભક્ત અહીં પૂજ્યશ્રીની નજર સામે નીચું આસન ધારણ કરે છે. આમ તો સૌ મૌન જ રહે



Scanned by CamScanner

છે. પણ બોલનાર વ્યક્તિ પણ સંસ્કાર મર્યાદામાં રહીને જ પોતાની વાત ટુંકાણમાં કહેતી હોય છે.કોઈપણ ચર્ચામાં ભાગ લેવાની સ્વતંત્રતા સર્વેને હોવા છતાં, કોઈ વિવેક ચૂકતું નથી.

ત્રીજુ છે આદર.. કુટીરમાં આવનાર ભક્ત, સ્ત્રીઓનો, માતાઓનો આદર કરે છે. કુટીર પહેલાં કે પછી, ક્યારેય સમુહમાં ભેગા થઈને મસ્તી-મજાક કે હસાહસી અહીં થતી નથી. બ્હેનો પણ ભાઈઓનો એટલો જ આદર કરે છે.

ચોથુ છે વ્યસન ત્યાગ.. દરેક માણસને કાંઈક વ્યસન હોઈ શકે. પૂજ્યશ્રીના સાનિધ્યમાં, કુટીરમાં બિરાજમાન કોઈપણ વ્યક્તિ તમાકુ,માવો,પાન વગેરે ખાઈ શકતી નથી તો ધૂમ્રપાનની તો વાત જ નહિં. જેટલો સમય કુટીરમાં બેઠા હોય ત્યાંસુધી, ભક્ત, આ બધા જ વ્યસનને ત્યાગે છે.

પાંચમું છે નિંદા મુક્તિ.. પૂજ્યશ્રીના નવસૂત્રોમાંનું એક સૂત્ર છે, "પરનિન્દાથી દુર રહેવું" અહીં બેસનાર ભક્ત, અંદરોઅંદર વાત કરી શકતો નથી. વાતચીત કે ચર્ચા, સીધી પૂજ્યશ્રી કે બ્હેનજી સાથે જ હોય છે. એટલે માનવસમુહ મોટો હોવા છતાંય મોટાભાગે લોકો એકબીજાને નામથી નહીં પણ ચહેરાથી જ ઓળખે છે અને નિંદા કે કોઈકની ચર્ચાને તો અવકાશ જ નથી.

છઠ્ઠું છે દુર્વિચારનો ત્યાગ.. દરેક મનુષ્ય, ચાહે ઈર્ષ્યાથી, અદેખાઈથી, કે અન્ય કારણોસર મનમાં અનેક દુર્વિચાર સેવતો હોય છે. પૂજ્યશ્રીના સાનિધ્ય વર્તુળમાં ભક્તના મનના વિકારો આપોઆપ નષ્ટ થાય છે. અહીં દરેક વ્યક્તિ બીજાને સ્નેહથી અને પ્રેમથી જ મળે છે અને પ્રણામ કરે છે.

સાતમું છે જ્ઞાનસંવર્ધન.. વર્ષો પહેલાં પૂજ્યશ્રી દ્વારા લખાયેલ જ્ઞાનબીજ ને આજના સંદર્ભમાં ફરી સમજવો, તેનો આધ્યાત્મિક અને સામાજીક દિશાકોણથી મૂલવવો અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો. આધ્યાત્મિકતાના પગથિયાં સ્વરૂપ સુંદર વિષય ઉપર જ્ઞાનગોષ્ઠિ કરવી, તથા પૂજ્યશ્રીની વિચારધારા સાંભળવી એ પણ એક લ્હાવો છે. તો આ વિષયો ઉપર, પૂજ્યશ્રીને પ્રશ્નો પૂછીને વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત કરવું, એ અતિ આનંદદાયક છે.

આઠમું છે આધ્યાત્મિક યાત્રા.. જીવનનું હરેક કદમ, યાત્રાનો ભાગ છે, પણ જીવનમાં આધ્યાત્મિક યાત્રામાં જોડાવું તે તો સદ્‌નસીબ ગણાય. પૂજ્યશ્રીની સુક્ષ્મ હાજરીમાં દીપયજ્ઞ સાથે અનેક ભક્તો આ યાત્રામાં શિસ્તપૂર્વક જોડાય છે. તમારા દરેક કદમમાં આધ્યાત્મિકતાના આ સંસ્કાર છે.

નવમું છે બાળ સંસ્કાર.. નાનાં નાનાં બાળકો, પૂજ્યશ્રીના ઝૂલા પાસે ઉભા રહી,હાથ જોડી, આંખો બંધ કરી નવસૂત્રોનું પઠન કરાવે એ દ્રષ્ય અદ્‌ભૂત હોય છે. સૌ વડીલો, આ બાળક દ્વારા બોલાવતા સૂત્રો બોલે, એ ભક્તિનો આદર છે. પૂજ્યશ્રીની વાણી કે વિચારને રજૂ કરતો દરેક માનવી, કોઈપણ ઉંમરના બાધ વગર, આદરને લાયક છે એ આ સંસ્કાર છે. બાળકોના નિર્દોષ બંધ આંખના ચહેરા જુઓ તે, કોઈકના મુખ પર સ્મિત, કોઈકના ભવાં ચઢેલાં, કોઈક તીરછી નજરથી બીજાને જોતો, કોઈક આંખો ખેંચાયેલો.. આ દરેક આધ્યાત્મિકતાની મુદ્રાઓ છે. પૂજ્યશ્રી દ્વારા, આ નાના બાળકોને, સીધા માતાજીના બાળ બની જાય એવી તાલીમનો આ પ્રયાસ છે.

આ વાતો થઈ પ્રત્યક્ષ સંસ્કારની.. પરોક્ષ સંસ્કારના સાગરમાં આપણે કેટલા ડૂબ્યાં છે એનું મુલ્યાંકન તો દરેકે જાતે કરવાનું..

આપણે પૂજ્યશ્રીના આ સંસ્કાર સાગરમાં તરવૈયા થવું નથી, માત્ર ડૂબવું છે અને ડૂબવું છે. પણ એક જ પ્રાર્થના સાથે કે, ગુરૂદેવ, આપ અમને બહાર કાઢો ત્યારે આધ્યાત્મિકતાનું "મોતી" બનાવીને જ ઉપર લાવજો.

ૐ મા ૐ



Scanned by CamScanner

# પૂજ્ય રાજયોગીજીનો વિદેશનો કાર્યક્રમ

## યુ.કે.

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧૮-૧૨-૯૯ | શનિવાર | ૩ થી ૬ | વેમ્બલી લંડન | અમૃતલાલ પોપટ | ૦૧૮૧-૯૦૨૩૦૨૯ |
| ૧૯-૧૨-૯૯ | રવિવાર | ૩ થી ૬ | વેમ્બલી લંડન | અમૃતલાલ પોપટ | ૦૧૮૧-૯૦૨૩૦૨૯ |
| ૨૦-૧૨-૯૯ | સોમવાર | ૩ થી ૫ | ક્રોયડન લંડન | જ્યોતિ પરમાર | ૦૧૮૧-૬૭૯૮૬૬૮ |
| ૨૬-૧૨-૯૯ | રવિવાર | ૩ થી ૬ | લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૭-૧૨-૯૯ | સોમવાર | ૩ થી ૬ | લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |

## યુ.એસ.એ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧-૧-૨૦૦૦ | શનિવાર | ૧૧ થી૫ | કોલોનીયા ન્યુજર્સી | **સ્વાગત ૨૧મી સદી** | |
| ૨-૧-૨૦૦૦ | રવિવાર | ૩ થી ૬ | કોલોનિયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |
| ૩-૧-૨૦૦૦ | સોમવાર | ૬ થી ૮ | કોલોનિયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |
| ૮-૧-૨૦૦૦ | શનિવાર | ૩ થી ૬ | યુનીયન સીટી | રતીલાલ મીસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૯-૧-૨૦૦૦ | રવિવાર | ૩ થી ૬ | યુનીયન સીટી | રતીલાલ મીસ્ત્રી | ૨૧૦-૮૬૫૭૨૮૨ |

## સાન્નિધ્યની પળોમાં..

**પ્રશ્ન :-** **પૂજ્ય ગુરૂદેવ મંત્રજાપ કરતા મન અકાગ્ર કરી શકાત નથી. અમન સાચી પધ્ધતિ દશાવી માર્ગદર્શન આપો. મંત્રજાપ કરતાં અમને આનંદની અનુભૂતિ થાય.**

**જવાબ :-** તમારો પ્રશ્ન એ સહુની મૂંઝવણ તો છે જ. મંત્રજાપ, નામસ્મરણ કે ઉપાસના કરવાં બેસો ત્યારે પહેલાં આંતર બાહ્ય માહોલ - વાતાવરણ તૈયાર કરો, સ્નાન કરી અથવા હાથ મ્હોં ધોઈ, શુધ્ધ આસન પર બેસો. દ્રઢ સંકલ્પ સાથે માતાજીને, ઈષ્ટદેવને પ્રાર્થના કરો અને તમારૂં અસ્તિત્વ તેમને સમર્પિત કરી દો.

**મંત્રજાપ, નામસ્મરણ કે ઉપાસનામાં અંતરનો ભાવ ભેળવી તેને ભાવયુક્ત બનાવો. મંત્રનો પ્રત્યેક અક્ષર કે પ્રત્યેક શબ્દનું શ્વાસના-હૃદયના પ્રત્યેક ધબકારે લયબધ્ધ માનસિક ઉચ્ચારણ કરો. મંત્ર જપના લયમાં પરોવાઈ જશે. અને પછી આનંદ, રોમાંચ, તાજગીનો અનુભવ થશે. આદત પડી જતાં ઈષ્ટદેવની ઉપસ્થિતિનો, એહસાસ થશે, અનુભવ થશે.**



Scanned by CamScanner

## સમાચાર

૧. તા. ૨૩-૧૦-૯૯ થી તા. ૩૧-૧૦-૯૯ સુધી પૂજ્ય ગુરૂદેવ બહારગામ હોવાથી નિલોષા મુલાકાત બંધ રહેશે.

૨. તા. ૧-૧૧-૯૯ થી તા. ૪-૧૧-૯૯ સુધી પૂજ્ય ગુરૂદેવની મુલાકાત નિલોષા પર ચાલુ રહેશે.

૩. તા. ૫-૧૧-૯૯ થી તા. ૧-૧૨-૯૯ દિવાળીના તહેવારો અને સુરત, નાગપુર, મુંબઈનો કાર્યક્રમ હોવાથી નિલોષા પર મુલાકાત બંધ રહેશે.

૪. તા. ૯-૧૧-૯૯ મંગળવાર નૂતન વર્ષ છે. પૂજ્યશ્રી ગુરૂદેવના દર્શનનો લાભ શ્રધ્ધા કૂટીરમાં મળી શકશે. **સમય :-** સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી.

૫. **સુરતમાં કાર્યયજ્ઞ.**

તા. ૧૪-૧૧-૯૯ રવિવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦.

તા. ૧૫-૧૧-૯૯ સોમવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦.

**સ્થળ :-** વિજયનગર કો.ઓ.હા.સોસાયટી,મજુરાગેટ,દયાળબાગ આશ્રમ પાસે, સુરત.

૬. **નાગપુરમાં કાર્યયજ્ઞ.**

તા. ૨૧-૧૧-૯૯ રવિવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦.

**સ્થળ :-** વજુભાઈ ગગલાણી, ઈતવારી કો.ઓ.હા.સોસાયટી,
ઈતવારી પોસ્ટ ઓફીસ પાસે,નાગપુર.

૭. **મુંબઈ કાર્યયજ્ઞ.**

**અ. તારીખ :-** ૨૭-૧૧-૯૯ શનિવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦.
**સ્થળ :-** ગોવિંદધામ મંદિર,સાતમો ગોળીબાર રોડ,શાન્તાક્રુઝ.

**બ. તારીખ :-** ૨૮-૧૧-૯૯ રવિવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦.
**સ્થળ :-** લક્ષ્મી બાગ, ઓપેરા હાઉસ, મુંબઈ.

૮. તા. ૨-૧૨-૯૯ થી તા. ૧૦-૧૨-૯૯ સુધી નિલોષા પૂજ્યશ્રી ગુરૂદેવની મુલાકાત ચાલુ રહેશે.

૯. તા. ૧૧-૧૨-૯૯ થી તા. ૩૦-૧-૨૦૦૦ સુધી પૂજ્યશ્રીનો વિદેશનો કાર્યયજ્ઞ હોઈ નિલોષા મુલાકાત બંધ રહેશે.

૧૦. તા. ૩૧-૧-૨૦૦૦ થી પૂજ્ય ગુરૂદેવની મુલાકાત નિલોષા પર ચાલુ રહેશે.

૧૧. **ફેબ્રુઆરી ૨૦૦૦ માં કાર્યયજ્ઞ.**

**અ. સરત.**

તા. ૨૦-૨-૨૦૦૦ રવિવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦.

તા. ૨૧-૨-૨૦૦૦ સોમવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦.

**સ્થળ :-** આગળ જણાવ્યા પ્રમાણે.

**બ. મુંબઈ - શાન્તાક્રુઝ.**

તા. ૨૬-૨-૨૦૦૦ શનિવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ મુંબઈ - ઓપેરા હાઉસ.

તા. ૨૭-૨-૨૦૦૦ રવિવાર બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ **સ્થળ :-** આગળ જણાવ્યા પ્રમાણે.

૧૪. તા. ૧૯-૨-૨૦૦૦ થી તા. ૨૯-૨-૨૦૦૦ સુધી નિલોષા પર પૂજ્યશ્રીની મુલાકાત બંધ રહેશે.

૧૫. તા. ૧-૩-૨૦૦૦ થી નિલોષા પર પૂજ્યશ્રીની મુલાકાત ચાલુ થશે.

Scanned by CamScanner

# નૂતન વર્ષનો સંદેશ

આજના મંગલ પ્રભાતે

દ્રઢ સંકલ્પ સાથે સાત્વિક

પુરૂષાર્થ કરી હૃદય મંદિરને

પરમશક્તિ મા ભગવતીનું

આવાસ બનાવજો.

અને

ૐ મા ૐ નો ગુંજારવ

હૃદયની પ્રત્યેક ધડકને

ચાલુ રાખજો.

યાદ રાખો કે

નિર્મળ, વિશાળ અને પ્રેમાળ

હૃદયમાં જ પ્રેમ સ્વરૂપ

પરમેશ્વરી નિવાસ કરે છે.

"આશીર્વાદ"

ૐ મા ૐ

શાહ મોદી નરેન્દ્ર

Scanned by CamScanner